ગુણાતીત જ્યોત

જાગૃતિ પંથ પ્રવાહમાં જોડાયું તેજ સાત્ત્વંતિક ફલોહા.





વર્ષ ૫૬, અંક : ૧૦, તા.૨૧મી ઑક્ટોબર, ૨૦૨૬, સંવત - ૨૦૮૨ આસો સુદ - ૧૦, બુધવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૩૦/૧૦/૮૯

સ્વામીશ્રીજી
ગુણાતીત સમાજની જય
મુક્તાક્ષર પુરુષોત્તમની જય

દરેકને તો રોજ નૂતનવર્ષ. કારણ દરેક ક્ષણ બીજી ચૈતન્ય મૂર્તિનું કામ નવું નવું થાય છે. દિવસમાં પાપ થયે તેને પ્રત્યેક દિવસ નૂતનવર્ષ. તો સંબંધવાળા તે ઈશ્વરીય માણસ - કારણ પ્રત્યક્ષ પ્રભુકામ કરે - બીજા - નાના ફળાદેશ પ્રાપ્તિનો કેફ રહ્યા કરે

પપ્પા

Dt.30.10.1989

Swami Shreeji
Gunatit Samajni Jai
Muktakshar Purushottamni jai

For us, every day is a New Year !

This is because the purification of our souls which could not be achieved in an eternity (Kharva) is accomplished in just a single day. Therefore, every day is a New Year.

So, by viewing everyone who so ever associated with us is being guided by Supreme Divine, and by accepting the ultimate Doer of all things is Pratyaksha Prabhu, we can constantly experience eternal bliss and the profound joy of spiritual attainment.

Your's Pappa



નૂતનવર્ષ. વિ.સં.૨૦૮૩.
કારતક સુદ. પડવો
તા.૧૦.નવેમ્બર.૨૦૨૬
મંગળવાર

હે સ્વામીનારાયણ ભગવાન.હે પપ્પાજી મહારાજ
નૂતન વર્ષના ભાવવંદના સહ જય સ્વામિનારાયણ
પપ્પાજીમહારાજ તમારા અમૃતવચન અમારૂં જીવન બને. નૂતન વર્ષમાં સુખ. શાંતી ને આનંદથી, સંપ, સુહૃદભાવ એકતાથી રહી, તમારી પ્રસન્નતા પામી જઈએ ને તમને ધારીને તમારૂં કાર્ય બનીને જીવન જીવીએ.

એજ ગુણાતીતસમાજ વતી
હંસાદીદીના જયસ્વામિનારાયણ
નૂતન વર્ષાભિનંદન

New Year, Vikram Samvat 2083
Kartik sud One
10th November, 2026, Tuesday

O Lord Swaminarayan ! O Pappaji Maharaj !

Jai Swaminarayan, Happy New Year with heartfelt regards.

Pappaji Maharaj, May your divine words become our very way of life. In this New Year let us receive your joyful grace and eternal blessings by living with harmony, friendliness and unity to enjoy total happiness, peace and bliss. May we keep only you in our hearts and live as instruments of your divine work.



With these prayers, on behalf of the Gunatit Samaj
Hansadidi's Jai Swaminarayan
Happy New Year







તા.૩.૧૦.૨૦૨૬ : પ.પૂ.ઇન્દુબેનના હીરકભક્તિ પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ :'સંત સ્મૃતિના સરોવરમાં... ભાગ-૨'


















































સાંસ્કૃતિક કાર્યક્રમ : 'સંત સ્મૃતિના સરોવરમાં... ભાગ-૨'નું કલાકાર વૃંદ



તા.૪.૧૦.૨૦૨૬ : પ.પૂ.ઈન્દુબેનના ૬૦મા સાક્ષાત્કાર દિન અને ૮૦મા પ્રાગટ્યદિન – હીરકભક્તિ પર્વની ઉજવણી...









સ્વાગત કાજે હરખભેર થનગની રહેલો ભક્ત સમુદાય...





















નૃત્યવંદના, પુષ્પવંદના અને અનાવરણ...


























ભાવવંદના અને માહાત્મ્યવંદના...












પ.પૂ.ઇન્દુબેનના હીરકભક્તિ પર્વની જય જય જય...



૧/૮/૮૫

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજની જય

મૂક્તાક્ષર પુરૂષોત્તમની જય

Let Thy will be done

હરિ ઈચ્છા હોય તેમ થવા દો

આપણોતો તે જ સૂઝાડે તેમ


તેની સેવા ભક્તિ કર્યા કરો.

તે જ આપણું કર્તવ્ય કે સ્વધર્મ

બીજી ત્રીજી ચીંતા તેને માથે

નાખી દઈ સુખી રહીએ.

પપ્પા.



૧/૮/૮૫

સ્વામીશ્રીજી

ગુણાતીત સમાજની જય

મૂક્તાક્ષર પુરૂષોત્તમની જય

Let Thy will be done

હરિ ઈચ્છા હોય તેમ થવા દો

આપણોતો તે જ સૂઝાડે તેમ

તેની સેવા ભક્તિ કર્યા કરો.

તે જ આપણું કર્તવ્ય કે સ્વધર્મ

બીજી ત્રીજી ચીંતા તેને માથે

નાખી દઈ સુખી રહીએ.

પપ્પા.



તારો રખવાળો ભગવાન

તું પ્રપત્તિયોગને ધાર

દયા, પ્રેમ આશિષ છે અપાર

રેલાવી આવી તેં રસધાર...(૨)

તારો રખવાળો...

દ્રષ્ટારૂપ હો ધબકાર, મૂર્તિમાં રહી હાલચાલ (૨)

નિર્દોષભાવે રે' તૈયાર, હરિઈચ્છા આનંદે સ્વીકાર (૨)

એવા ભક્તોની લેશે સંભાળ, તું ભૂલકું બનીને પોકાર

તું ભૂલકું બનીને પોકાર, એવો પ્રપત્તિયોગ તું ધાર

તારો રખવાળો...

મારો રખવાળો ભગવાન, લઉં પ્રપત્તિયોગનો આધાર

દયા, પ્રેમ આશિષ છે અપાર

ભૂલું ન તારો ઉપકાર (૨) મારો રખવાળો..

શાશ્વત પપ્પાજીની પ્રેરણા - ઑક્ટોબર માસની આજ્ઞા...







તા.૧૫.૯.૨૦૨૬ : ઉત્સવ પ્રારંભે પપ્પાજી તીર્થધામે મહાપૂજા...











તા.૨૬.૯.૨૦૨૬ : 'સંજીવની મંત્ર'ની સુવર્ણ જયંતીએ પ્રભુકૃપા તીર્થધામ દર્શન...



ગુણાતીત જ્યોત

જગતકલ્યાણ અર્થે પરમધામમાં બોડાણું તેજ સાપ્તાહિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

સ્વાધ્યાય સંદેશ

પંચામૃત : ૪ સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
- ગુરુહરિ પપ્પાજી મહારાજ



શ્રીજી રસામૃત

'... એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઇંદ્રિયોને આહાર કરવા દેવા નહીં, એવું વ્રત પંદર દિવસમાં એક વાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે...' (વચ. ગ.મ.૮)



શ્રી અક્ષર બ્રહ્મરસ

સત્સંગથી ભગવાન વશ થાય છે તેવા કોઈ સાધનથી થતા નથી. તે સત્સંગ શું ? જે પ્રગટ ભગવાન અને પ્રગટ આ સાધુનો આશરો કર્યાથી કલ્યાણ થાય છે... (સ્વામીની વાતુ પ્રક.૫ની ૮૫મી વાત)



દિવ્યામૃત

અખંડ સત્પુરુષનું મનન-ચિંતન કર્યા કરવું. અને સેવાનું વ્યસન પાડી દેવું તો વિકાર માત્ર ટળી જાય.

(તા.૨૯.૮.૧૯૬૦)

અનુક્રમણિકા

સ્વાધ્યાય સંદેશ...	૧૧	પપ્પાજીનું જીવન એ જ શાસ્ત્ર...	૧૫
પપ્પાજીની પરાવાણી...	૧૨	શાશ્વત સંકલ્પ પર્વે...	૧૭
શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિને...	૧૩	શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...	૧૮
દીપોત્સવી પર્વોએ...	૧૪	સત્સંગ સમાચાર...	૨૦ થી...



પપ્પાજીની પરાવાણી...

વર્ષનો છેલ્લો દિવસ દિવાળી. આખા વર્ષનું સરવૈયું કાઢવાનો દિવસ. પ્રભુની રીતે કેટલું જીવ્યા ? કેટલું મનમુખી વર્ત્યા ? તે નોંધીએ. દરેક વાતમાં પ્રભુનું કર્તાહર્તાપણું માનીએ. સંબંધમાં આવ્યા તે બધા જ જોગીમહારાજના સ્વરૂપો છે. તેમના થકી કંઈપણ થાય કે પ્રસંગ બને તો પ્રભુ તરફ નજર કરવી. પ્રભુ ! આ પ્રસંગ કેમ ગોઠવવો પડ્યો ? મારે આમાં તમારી શી સેવા કરવાની છે ? એનું નામ કર્તાહર્તા માન્યા કહેવાય. બસ આપણું મન પ્રભુમાં રાખવું છે. માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ, અહંકાર, પ્રકૃત્તિ કે સ્વભાવને લીધે ક્યાં લેવાઈ ગયા તેનું સરવૈયું કાઢીએ.

વેપારી લોકો બધા એમના હિસાબના નફા-તોટાનો હિસાબ કાઢે. સરવૈયું કાઢે. તેમ આપણે આપણાં આધ્યાત્મિક જીવનનું સરવૈયું કાઢીએ. પળેપળનું સંચાલન આપણામાં પ્રભુ જ કરે છે. આપણને કર્મનો કાયદો લાગુ ના પડે. કંઈપણ તે ચાલવા દેતા હશે તે જીવના રૂડા થવા માટે, પ્રગતિ માટે જ. એ બ્રહ્મનિયંત્રિત વર્તે છે એમ માનીએ તો જ મનુષ્યભાવ ને દિવ્યભાવ એક થઈ જાય. કોઈના આકાર દેખાઈ ગયા તે નોંધીએ. પ્રભુનું કર્તાહર્તાપણું ન માનવા દે એવી માન્યતા હોય તે નોંધીએ. કઈ માન્યતા અક્ષરધામની સમાધિમાંથી આપણને પાડે છે ? માનની વૃત્તિ છે કે સ્વાદની ? એમ નોંધીએ. સ્પંદનની તીવ્રતા નોંધીએ. લીલા ના મનાય, કોઈનું ખૂંચે તેમાં સમય ઘટ્યો ? તે નોંધીએ.

આ બધું એક દા'ડે થાય એવું નથી. ગયા વર્ષની દિવાળીથી અત્યાર સુધીમાં એની એ જ વૃત્તિ કામ કરતી હશે, પજવતી હશે તે નોંધીએ. તેની તીવ્રતા ઘટે નહીં તો તપાસ કરીએ કે કેમ જાગ્રતતા ના રહી? હવે જાગ્રતતા રાખવાનો નિશ્ચય કરીએ. નફા-તોટાનું આ રીતે સરવૈયું કાઢીએ. દરેક જણ પોતપોતાની રીતે ચેકીંગ કરી લઈ, નિશ્ચયાત્મક ગાંઠ વાળીએ જ. જ્ઞાનરૂપી દીવો પ્રકાશે તેવું જીવીએ. માન્યતા, પદાર્થ, ધન, ચીજવસ્તુ બંધનકર્તા થાય તો એકાંતિકપણામાંથી પાડી નાખે માટે આપણે તો રોજ દિવાળી. રોજ મનનું ચેકીંગ કર્યા કરીએ.

અક્ષરધામની સમાધિમાં અખંડ રહેવું જ છે. ગુરુમુખી ઠરાવરહિત જીવવું જ છે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે. માટે મનમુખી સંકલ્પમાં આપણે લેવાઈ ના જઈએ. એવું કંઈ લાગે તો અંતર્દ્રષ્ટિ કરી ગદ્‌ગદ્ કંઠે પ્રભુને પ્રાર્થના કરીને માફ કરાવી દેવું. નવા વર્ષમાં આવું જીવવા ઠરાવ કરીએ. નૂતન વર્ષે અન્નકૂટ કરીશું. ચીજવસ્તુની જુદી જુદી આઈટમો બનાવીને પ્રભુ સમક્ષ મૂકીને ધરાવીશું પછી આપણે બધા જમીશું. એવી રીતે આપણા ૫૧ ભૂતનો થાળ પ્રભુને અર્પણ કરીએ. આ બધું તારા માથે. દેહભાવ ને આત્મા એ બંનેને ભેગા ના થવા દેવા. આપણે પ્રકૃતિ – પુરુષથી પરનું જીવન જીવવું છે. તેવું જીવતાં થઈ જઈશું એટલે ૨૪ કલાક લીલાનું દર્શન થવા માંડશે. એવું જીવવાનું સૌને બળ મળે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

(તા.૧.૧૧.૧૯૮૬)



શરદપૂનમ : શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યદિને...

શરદપૂનમે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી આ ધરાએ પધાર્યા એ મંગલદિન. સ્વામીશ્રી નિષ્કામ ધર્મના પ્રવર્તન માટે શ્રીજી મહારાજની અનુવૃત્તિ પ્રમાણે જીવ્યા. એકાંતિકી ભક્તિ વર્તનથી સ્થાપી. સંબંધમાં આવેલા જીવોને ભક્તે સહિત ભગવાનની ઉપાસનાની દ્રઢતા કરાવીને, બ્રહ્મરૂપ કરી પરબ્રહ્મમાં જોડ્યા. એવા સ્વામીશ્રીને અનંત વંદન. સ્વામીશ્રીએ કથાવાર્તા દ્વારા પાયાના સિધ્ધાંતો સમજાવ્યા છે. કથાવાર્તામાં ભક્તો સ્વામીશ્રીને પ્રશ્નો પૂછતાં ને સ્વામીશ્રી ઉત્તર આપતાં એવી પ્રશ્નોત્તરીનું મનન કરી, જીવનમાં જાગ્રતતા રાખીએ.

– મોટા પોતાના આશ્રિતજનોની પ્રત્યક્ષ હોય ત્યારે જ રક્ષા કરે છે કે પરોક્ષ થાય તો પણ રક્ષા કરે ?

સ્વામીશ્રીએ કહ્યું, 'મોટા કાંઈ પરોક્ષ થતાં જ નથી. એ તો સદાય પોતાના આશ્રિતજનોની રક્ષા કરે છે.'

– મોટા કેમ ઓળખાય ?

સર્વોપરી ઉત્તમ નિષ્ઠાવાળા સંતનો સમાગમ કરે તો મોટા આપોઆપ ઓળખાઈ જાય ને એકાંતિકપણું સિદ્ધ થઈ જાય.

– અમારે કોને પૂછીને વહેવાર કરવો જોઈએ ?

જે મોટાથી ગુણ ને સ્થિતિને પામેલા હોય તેને પૂછવું અને તેમનો વિશ્વાસ ન હોય તો શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. તે વાંચવી તેમાંથી ઉત્તર મળી જશે.

– ઉપાસના એટલે શું ?

સ્વામી અને નારાયણ એમ અનાદિ સેવક સહિતની ભક્તિ કરવી તે.

– વર્તમાનકાળે મહારાજનો શેમાં રાજીપો છે ?

મહારાજને તથા આ મોટા સાધુને નિર્દોષ જાણવા અને તેમાં સર્વ પ્રકારે જોડાવું તેમાં મહારાજનો રાજીપો છે. વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે તેને એક પગલુ અક્ષરધામમાં છે ને આ સાધુની જેને ઓળખાણ થઈ છે તેને તો બંને પગલા અક્ષરધામમાં છે. પણ જેને વાત સમજાય નહીં તેને ઓળખાય નહીં. માટે સાધુનો સમાગમ કરવો.

– જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?

આપણે હેતે કરીને જીવ સત્પુરૂષમાં બાંધ્યો નથી. ને જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ના આવે ને વિશ્વાસ હોય પણ નિષ્કપટપણે વર્તાય નહીં. એટલે હેત, વિશ્વાસ સાથે નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં.

– શૂળીએ ચડાવ્યા હોય તો પણ સંકલ્પ ના થાય એવી શી સમજણ છે ?

સર્વકર્તા ભગવાનને જાણે જે ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી. એમ સમજે તેને સંકલ્પ ના થાય ને ધીરજ રહે.

– સત્સંગ ક્યારે થાય ?

મોટા સત્પુરુષનો નિરંતર સંગ રાખીએ ને નિરંતર ભગવાનના મહિમાની જ્ઞાનગોષ્ટિ કરીએ ત્યારે સત્સંગ થાય છે. એટલે ગુરુ કહે તેમ કર્યા કરવું ને મહિમાની વાતો કર્યા કરવી.



દિપોત્સવી પર્વોએ...

આધ્યાત્મિક રીતે દીપોત્સવીનું પર્વ આખા વર્ષ દરમ્યાન ભગવાનની રીતે કેટલું જીવ્યા ? ને બાકી છે તેમાં જાગ્રત રહી સાધના કરવાનું નક્કી કરવું ને નવા વર્ષમાં પ્રકૃતિ-પુરુષની અંદરની ભૂમિકામાં જવા-આવવાનું ટાળી દઈ અક્ષરધામરૂપ રહેવાના હેવા પાડવા જાણપણું રાખીને સાધના કરવા સજાગ બનીએ.

શ્રીજી મહારાજે વચ.ગ.પ્ર.૩૮માં કહ્યા મુજબ અને ગુરુહરિ પપ્પાજી મહારાજે કહ્યા મુજબ આંતરિક શુદ્ધિકરણમાં શું ફેરફાર થયો ? તે સરવૈયું કાઢી આગળ વધવા પ્રયત્ન કરવો એ દીપોત્સવી પર્વની ઉજવણી.

સાક્ષાત્ અને સાકાર શુદ્ધ ચૈતન્યબ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપોએ આ પૃથ્વી પર અવતરણ કરી, અવિરતપણે વિચરણ કરી, જે કોઈ સંબંધમાં આવ્યા તેને ધીમે ધીમે સમજણ આપી ઉપાસનાનું શુદ્ધિકરણ કરાવ્યું તો પૃથ્વી પર મુક્તસમાજનું સર્જન થયું. જે પ્રત્યક્ષ સ્વરૂપો મળ્યા છે તેમનામાં શ્રીજી મહારાજ અખંડ રહ્યા છે. આ પ્રત્યક્ષ સ્વરૂપોએ સંબંધનો મહિમા સમજી, અસાધારણ ભીડો વેઠી આપણા બધાની સેવા કરી. આપણા માટે પોતાનું જીવન દાખલારૂપ બનાવ્યું. જેના પરિણામે આજે પ્રત્યક્ષ ધામ, ધામી ને મુક્તોની નિષ્ઠાવાળો બ્રહ્મસમાજ તૈયાર થઈ ગયો. જેને પરિણામે મુક્તમાં મહારાજનું દર્શન સુલભ થયું. બધા વ્રતધારી બહેનો, ભાઈઓ, સંતો, ગૃહસ્થોને આ ગુરુ સ્વરૂપો સાથે એકતા છે.

પપ્પાજીના દર્શન હંસાદીદી ને ગુરુ સ્વરૂપોમાં અનુભવાય છે. પ્રભુની પ્રેરણા ઝીલાય તેવું બળ આપે છે. આપણે દિવસે દિવસે આગળ વધતા જ રહીએ છીએ. પણ અક્ષરધામનું સુખ વિહદ છે. એટલે વ્યક્તિગત સરવૈયુ કાઢી જીવન તપાસતાં રહીએ. એકાવન ભૂત, ચૌદ લોકના બ્રહ્માંડમાં આપણે કેટલી પ્રગતિ કરી ? પ્રત્યક્ષને રાજી કરવા કેટલું જીવ્યા ? ધામ, ધામી, મુક્તોની સેવા અહોહોભાવે થાય છે ? મનમુખી જીવનનો કેટલો નિષેધ કર્યો ? આમ પોતાનું જીવન તપાસીશું તો પ્રકૃતિ-પુરુષથી પરનું જીવન છે તે તરફ આગેકૂચ થશે. આંતરિક શુદ્ધિકરણ થાય તો અંતરમાં શીતળતા વધતા અક્ષરધામનું સુખ આવ્યા કરશે. આપણી ક્રિયાઓ કયા હેતુથી થાય છે તે માટે પોતે પોતાના ગુરુ બનીશું તો ખ્યાલ આવશે. જાતે સંયમશીલ બનીશું તો પ્રભુ કૃપા કરીને બળ આપીને જંગમમંદિર બનાવી દેશે.

ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૧૦મો પ્રાગટ્યદિન- 'શાશ્વત સંકલ્પ પર્વ' અને પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્યદિન 'પ્રેરણા પીયૂષ પર્વ' ઉજવી રહ્યાં છીએ ત્યારે તેમનો સંકલ્પ છે કે, 'હું પપ્પાજીનું કાર્ય છું. વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬ સિદ્ધ કરી, એકાંતિકપણું સિદ્ધ કરવું જ છે.' તો આપણા સૌના જીવનમાં આ સંકલ્પ સાકાર થાય તે માટે જાગ્રતતા રાખી, પ્રભુની સત્તાનો સ્વીકાર કરી, વફાદારીથી જીવાય તેવી નૂતનવર્ષની પ્રાર્થના. સૌ સ્વરૂપો અમને ખૂબ ખૂબ બળ આપજો તેવી અમારા સૌની અભીપ્સા સ્વીકારી ધન્ય કરશોજી.

પપ્પાજીનું જીવન એ જ શાસ્ત્ર...

પપ્પાજી !! શ્રીજીમહારાજ જેવો પ્રભાવ... ને ગુણાતીત જેવી સાધુતા... શ્રીજી મહારાજની જેમ કા.૫ પ્રમાણે ભક્તોના મનોરથ પૂરા કરવા પપ્પાજીએ નરતનુ ધાર્યું. ને ભક્તોને લાડ લડાવે, મનોરથ પૂરા કરે. સાથે સાથે ગુણાતીતની જેમ ચૈતન્યનું જતન કરે. જગતના ધોડા ઓછા થાય ને ભગવાનની વાસના થાય. એવો સંકલ્પથી શ્રમ કરે.

હે પપ્પાજી ! આપના માહાત્મ્યનો વિચાર કરીએ ને જોઈએ તો બસ તમારું જીવન એ જ વચનામૃત, એ જ સ્વામીની વાતો ને એ જ આચારસંહિતા. બોલતું ચાલતું જીવંત શાસ્ત્ર પણ તમે ને એ શાસ્ત્રના ઘડવૈયા-રચયિતા પણ તમે. શ્રીજીમહારાજને રહેવાનું સાંગોપાંગ ધામ પણ તમે ને એવા ગુણાતીત ધામ બનાવી શ્રીજીના વ્યાપકરૂપે દર્શન કરાવતી, કાર્ય કરતી એ મૂર્તિ પણ તમે.

તમારામાં આઠેય સ્વરૂપોનો રૂડો સંગમ થયો. આઠેય સ્વરૂપોને ધારીને તમે વિચર્યા છો. તમને શું કહેવું ને શું ના કહેવું ? તમારામાં મહારાજનું ને ગુણાતીતનું, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનું ઉભય દર્શન કર્યું. મહારાજ ને શાસ્ત્રીજી મહારાજની જેમ અસાધારણ હેતનો ધોધ વરસાવી એમાં તરબોળ કર્યા તો ગુણાતીત ને જોગી મહારાજની જેમ... અંતરમાંથી જગત ખેરવી નાખ્યાં. યોગ ને સાંખ્ય, વેદાંત ને પંચરાત્ર બધાનો સુભગ સમન્વય તમારામાં અનુભવ્યો.

ગુણાતીતને પગલે તમેય ગૃહસ્થાશ્રમી થયા. પોતાની ફરજો સંપૂર્ણ બજાવી. જ્યાં બ્રહ્મરૂપ રહી પરબ્રહ્મમાં જોડવાનું કાર્ય શરૂ કરવાની પળ આવી, જ્યાં જોગીનો કોલ આવ્યો ત્યાં ગુણાતીતની જેમ... સાપ કાંચળી ઉતારે તેમ ગૃહસ્થ જીવનનો સમગ્ર ભાર ઉતારીને મૂકી દીધો. ગુણાતીતે જીવનમાં એક મહારાજ રાખ્યા. તેમ તમે જીવનમાં એક શ્રીજીસ્વરૂપ જોગી રાખ્યા. શાસ્ત્રની તંતી કે બીજા-ત્રીજાનો ભાર ન રાખ્યો. એકવાર એક ભાઈએ કહ્યું, 'ફલાણા ભાઈ આમ કહે છે... વગેરે...' ત્યારે તમે કહ્યું, 'હેં કોણ કહે છે ? જોગી કહે છે ! ના. તો જોગી વગર બીજું દુનિયામાં છે કોણ ?'

મહારાજની જેમ સ્વયં પોતે તે દિવસથી જ ચૈતન્યના શુદ્ધિકરણનું કાર્ય વગર રૂપાંતરે શરૂ કર્યું. મહારાજે લોહીનું બુંદ બુંદ બદલી નાખ્યું. તમે ગુણાતીતની જેમ રોમરોમમાં 'હું તો જોગીનો પ્રકાશ છું.' એ કોન્સીયશનેસથી, એ સ્મૃતિથી એ જ પળથી જીવ્યા. રૂપાંતર કરવાનું જ ક્યાં હતું ! મહારાજે ગુણાતીતને દીક્ષા આપી એમ જોગીએ તમને સ્વરૂપાનુભૂતિ કરાવી. પછીનું કાર્ય સરખું જ છે ને !

પપ્પાજી ! આપ સાકાર ગુણાતીતભાવમાં રહી મહારાજની પરબ્રહ્મ સ્વરૂપની, જોગીમહારાજની ભક્તિ કરતું અક્ષરપુરૂષોત્તમનું સ્વરૂપ !

ભગતજીમહારાજે કહ્યું, 'શ્રીજીમહારાજનો કર્યો ય હું વિમુખ થઉં એવો નથી.' ગુરૂએ વિમુખના ઠરાવમાં સહી કરી પરીક્ષા લીધી પણ તમે ? દગ્ધં દગ્ધં પુનરપિ દગ્ધં કંચનન્ કાંતવર્ણમ્. જેમ વધુ તપે તેમ સાચા સુવર્ણની પરીક્ષા થાય. તેમ તમે ત્યારેય યોગીની સન્મુખ રહ્યા ને સૌને રાખ્યા. ભગતજીમહારાજનું એ વાક્ય તમારા જીવનમાં, રોમરોમમાં પળપળમાં, મૂર્તિમાન સૌએ અનુભવ્યું.

જાગા સ્વામીએ ગુરૂને કદી ઓશિયાળા ન કર્યા. ગુણાતીતે પૂછયું, 'તમે સાંખડાવદરના બીડમાં જશો?' એટલામાં એમણે અંતર્દષ્ટિ કરી: 'મને આવું પૂછવું પડ્યું?' તેમ જોગીબાપાએ ત્રણવાર તમારું નામ દીધું એના પર તમે અંતદષ્ટિ કરી કે 'જોગીને મારું નામ કેમ દેવું પડ્યું?' ને જાગા સ્વામી ને પ્રાગા સ્વામીની જેમ... તમે '૫૨ થી '૬૬ સુધી અપમાનો સહ્યાં ને વહવાયાની જેમ ગરજુ થઈ સૌમાં પ્રભુ જોઈ સેવા કરી ને વારસદાર બની ગયા.

ગુરૂ કૃષ્ણજી અદાનો સિધ્ધાંત : 'નાને સે નાના હો રહીએ...' તમે જોગીના દરબારમાં નાનામાં નાના થઈને રહ્યા. પછી પણ છેક સુધી કંઈપણ નિર્ણય લેવાનો હોય તો 'બા, આમાં શું કરીશું ?', 'બેન, આમાં શું

કરીશું?', 'યોગી કમિટીના મુક્તો, આમાં શું કરીશું ?' પૂછીને કરો છો. સમાજલક્ષી હોય તો બા, કાકાજી, સ્વામીજી, સાહબેજીની સાથે મળીને કર્યું.

અને શાસ્ત્રીજી મહારાજની જેવી શૂરવીરતા, મહારાજનું-જોગીબાપાનું કાર્ય કરવામાં તમને શાસ્ત્ર, સંસ્થા કે કોઈ મહોબત, સત્સંગ કે સંપ્રદાય કાંઈ આડું ન આવ્યું. શાસ્ત્રીજી મહારાજે મહારાજનો ને ભગતજીનો સંકલ્પ ઝીલ્યો તેમ તમે મહારાજનો ને જોગીનો સંકલ્પ ઝીલ્યો. વચ.મ.૧૩ની જેમ ગુણાતીત સમાજ ઉભો કર્યો. મહારાજનું કાર્ય ઉપાડ્યું ને આગળ ધપાવ્યું. રાજાધિરાજ જેવો પ્રભાવ ને કાર્ય બંનેમાં તમે શાસ્ત્રીજી મહારાજનું દર્શન કરાવ્યું છે.

આંતરિક રાંકપણું, દાસત્વભક્તિ ને સાધુતામાં તમે જોગીબાપાનેય છૂપાવ્યા. જ્ઞાની-અજ્ઞાની સૌને તમારું સ્વરૂપ ઓળખાવ એ તમારો સંકલ્પ જોગીએ ઝીલ્યો? કે જોગીનો સંકલ્પ તમે ઝીલ્યો ? એનો ભેદ તમે બે જ જાણો. પણ અમને તો તમે તમારા બંનેના એકત્વનું દર્શન ને અનુભવ કરાવ્યા.

તમને રાજારૂપ કહેવા કે સાધુરૂપ પ્રભુ કહેવા? તમારા રાજારૂપ દર્શન કર્યા છતાં સાધુરૂપ પણ અનુભવ્યા. તમને ત્યાગી કહેવા કે ગૃહસ્થ કહેવા ? તમે અંતરથી ત્યાગી હોવા છતાં ગૃહસ્થી પણ કહેવાયા. તમને સમ્રાટ કહેવા કે દાસ કહેવા ? તમારામાં સમ્રાટની સામર્થી પણ માણી ને દાસત્વભક્તિની અજોડ મોટપ પણ અનુભવી. તમને મહારાજ કહેવા કે ગુણાતીત ? ભગવાન કહેવા કે સાધુ ? તમને એટલું જ કહેવાશે: તમ જેવા તો તમે એક જ. બસ. એક ને અદ્વિતીય સ્વરૂપ!! પરબ્રહ્મને ધારીને રહેલું સાકાર બ્રહ્મનું સ્વરૂપ.

હે પ્રભુ ! અમે તમારા છીએ ને તમારું કિરણ થઈ તમારો પ્રકાશ પાથરવો છે. તો અપાર બળ આપજો. બધાય સ્વરૂપોનો તમારામાં સમાવેશ, સમન્વય, બધા તમારામાં સમાયા છે. એમ બધા પ્રત્યક્ષ સ્વરૂપોનો સોર્સ, origin તમે છો. પૃથ્વી પર એક જ સ્વરૂપ પ્રત્યક્ષ વિચરતું હોય એ દઢીભૂત થયેલી માન્યતાના પાયા હચમચાવી વિજળી કે વડવાનળ જેવા જે જે સંતો હોય એ બધામાં પરબ્રહ્મ તત્ત્વ કાર્ય કરી જ રહ્યું હોય. એ સત્યનો તમે ને કાકાજીએ ઉદ્‌ઘોષ કર્યો. એ સત્ય તમે સાકાર કર્યું ને એ પ્રમાણે તમે સૌને જીવન જીવવાની પ્રેરણા આપી, વર્તાવ્યા. જુદા જુદા અંગ ને રીતવાળા સૌ સ્વરૂપોમાં સાકાર બ્રહ્મ જ વ્યાપક શક્તિથી કાર્ય કરી રહ્યું છે. એ હીરો, કોલસો, કાર્બન એ બધાનાં રૂપ ને ગુણ સાવ જુદા. ઉપયોગ પણ જુદા. છતાં એ બધામાં એક ઓરીજીન તત્ત્વ કાર્બન કે જેણે કરીને એ તત્ત્વોનું પ્રાણવાયુ સાથે સંયોજન થઈ કાર્બન ડાયોક્સાઈડ બને. તેમ આ ભિન્ન ભિન્ન પ્રકૃતિ ને રીતવાળા પરબ્રહ્મ સ્વરૂપનું ભિન્ન ભિન્ન કાર્ય કરતાં સ્વરૂપો નામ, રૂપ, કાર્યથી ભિન્ન પણ સૌ બ્રહ્મરૂપે પરબ્રહ્મને ધારીને જીવે છે !

સર્વપ્રથમ એવું સ્વરૂપ પ.પૂ.કાકાશ્રી. તમે ઘણીવાર કહ્યું છે કે આ હાથની એક સાઈડ કાકાજી છે ! તો બીજી પપ્પાજી છે ! એ કેવી અભિન્નતા ! ને તમે ૧લી જૂનને ગુણાતીત સમાજનો પ્રાગટ્યદિન કહ્યો એવો જ ૩જી ફેબ્રુઆરીને પણ કહ્યો. તમારું બંધુબેલડીનું પ્રાગટ્ય એ જ ગુણાતીત સમાજના પ્રાગટ્યનું નિમિત્ત, હેતુ છે ને ! બસ. એ અભિન્નતાને અમે સમજીએ. પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાનો તમારા બંને ભાઈઓનો સહિયારો સંકલ્પ અને બાપાએ 'કપમાં બહેનોના કાર્ય માટે કહ્યું, 'તમે બે મળીને કરો એમાં હું આવી ગયો.' એ તરફ દૃષ્ટિ રાખીને અમારા માહાત્મ્યની કસર હોય તે કબૂલીએ. વ્યાપકમાં આપનું દર્શન કરીએ ને આપના ગુણગાન ગાઈએ.

ને બા, કાકાજી ને પપ્પાજી આખો સમાજ : તમારાં ભૂલકાં તમારી ગોદમાં તમારી છત્રછાયામાં કેવા આનંદે છે ! બા એટલે પોતાના સંકલ્પરહિત નીરવ રહી પરબ્રહ્મના સંકલ્પમાં ભળી કાર્ય કરતી પ્રભુની શક્તિ. બા એટલે ચૈતન્યની દિવ્ય જનની. હે પ્રભુ ! એ જનનીનું, તમારું ને કાકાજીનું અમે શું ઋણ ચૂકવી શકીશું ? પપ્પાજી, કાકાજી ને બા તમે ત્રણે એકાકાર છો એ સમજી તમારા સર્જનમાં તમને જોઈ તમને રાજી કરી લેવાનું બળ આપજો.

પ.પૂ.બેન. જબરજસ્ત અલૌકિક ભૂમિકાની ટોચે બેસીને આપને ઓળખ્યા ને એવા સેવ્યા કે ઉધ્ધવજીની

જેમ આપના સંબંધવાળાની ચરણરજ થઈને રહ્યાં, એ કેવું માહાત્મ્ય ! એમનામાં રહીને અનંતને દેશપરદેશના મુક્તોને આધ્યાત્મિક રાહે ચલાવી સુખી સુખી કર્યા. એમની જેમ અમે આપનું માહાત્મ્ય બની રહીએ એવી કૃપા કરજો.

પ.પૂ.પ્રમુખસ્વામીજી ને પ.પૂ.મહંતસ્વામીજી પંચ વર્તમાનેયુક્ત સાધુતાને શોભાવીને દાસત્વભક્તિની પરાકાષ્ટાએ રહી પોતાના સંકલ્પથી આખા સમાજનું જતન કરી રહ્યા છે. એમ અમેય એકાંતિકના પંચ વર્તમાનમાં દઢ રહી આપનો સંકલ્પ ઝીલી આપના કાર્યનો હેતુ સમજી વર્તી શકીએ એવી કૃપા કરી ધન્ય કરશોજી.

એવા જ ભડવીર ભગીરથ કાર્યના કરતલ પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી જેણે મન, બુદ્ધિને પ્રભુને શરણ કરવાનું શીખવ્યું. અખંડ પ્રત્યક્ષના સંબંધમાં રહેવાની પ્રેરણા આપી. ને સુરુચિનો રાહ બતાવી એ માર્ગે સૌને ચાલવાનો નિર્દેશ કર્યો.

અને પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી તમારા પનોતા પુત્ર - બાપથી બેટો સવાયો પાકે એમ પોતાના બાપનું ગૌરવ વધારનાર સ્વામીની જેમ અખૂટ ને અતૂટ વિશ્વાસે આપનું વચન ઝીલીએ ને સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી તમને ચકચૂર રાજી રાજી કરી લઈએ એવું બળ આપો.

પ.પૂ.સાહેબજી-અલૌકિક ભૂમિકાના ઐશ્વર્યને લાત મારીને સાધુતાના રાહે ચાલ્યા. માહાત્મ્યને રેલાવ્યું ને સંકલ્પ ને ભજનથી સાથીદારોમાં આપના સ્વરૂપનું ને આજ્ઞાનું મહત્ત્વ સમજાવી એ માર્ગે ચલાવી એમના જીવન પરિવર્તન કર્યા.

તો બહેનોમાં પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.તારાબેન, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.પદુબેન છૂપાં રહી સૌ સ્વરૂપોનું માહાત્મ્ય સમજી સંકલ્પ-ભજનથી કાર્ય કરીને અનેક ચૈતન્યોનું રખોપું કર્યું ને આધ્યાત્મિક માર્ગે આગળ લીધા.

આ બધા પ્રત્યક્ષ સ્વરૂપો આપની સંકલ્પ-જ્યોત થકી પ્રગટ થઈને ગુણાતીત જ્ઞાનના જ્યોતિર્ધર બન્યા ને સૌના મસ્તક પર મોડ પુરૂષોત્તમ પ્રગટી રે... એ ઉક્તિ ચરિતાર્થ થઈ.

હે પપ્પાજી ! આપના આ મહાપર્વે ગુણાતીત સમાજના એકેએક મુક્ત આપનો સંકલ્પ ઝીલી શકે એવી અપાર કૃપા કરશોજી. (પૂ.હેમાબેન ભટ્ટ)

શાશ્વત સંકલ્પ પર્વ...

શ્રીજી મહારાજનો સંકલ્પ શાશ્વત બનીને તેના વારસદાર સ્વરૂપો દ્વારા વહેતો રહ્યો છે ! સાંપ્રતકાળે ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજી મહારાજની સ્વયંની હયાતિમાં ગુણાતીત ભાવનાનો શાશ્વત કાળ સત્યુગ બનીને સંબંધમાં આવનાર સૌને તનની શાશ્વતી નહીં, મનની શાશ્વતી નહીં, ધનની શાશ્વતી નહીં પણ આત્મા પરમાત્માના પરમ મિલનની શાશ્વતી ધરા પર પ્રસ્થાપિત થઈ અને તેના પરમ આનંદના મહાસાગરમાં આપણે સૌ અનાદિ મુક્તો તરબતર થઈને શાશ્વત સંકલ્પની આંતરિક પ્રતીતિ કરીને આધ્યાત્મિક માર્ગે તત્કાળ પ્રગતિ કરી રહ્યા છે.

શ્રીજીનો સંકલ્પ - સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરે. તે જ ધ્યેયની સિદ્ધિ કરાવવા સૌ ગુણાતીત સ્વરૂપોએ અવિરત એક પક્ષીય શ્રમ કરીને જીવોમાં ભક્તિ અને સમર્પણનો ભાવ જગાડ્યો. પૂર્ણ મળ્યા છે અને પૂર્ણ કરીને જ મૂકશે તેવી સાધનામાં પૂર્ણ શ્રદ્ધામય કર્યા. પ્રત્યક્ષની મૂર્તિની સ્મૃતિમાં એમનો અનંત મહિમા ઉજાગર થયો. સર્વોપરી, કર્તાહર્તા સદા દિવ્ય સાકાર એવું સ્વરૂપ મને પ્રત્યક્ષ મળ્યું છે એના અહોભાવમાં દેહભાવ છૂટે છે ને બ્રહ્મભાવ જીવનમાં પ્રગટે છે.

એવા શાશ્વત સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજના અનંત શાશ્વત સંકલ્પોમાંનાં કેટલાંક સંકલ્પો - બહુજન હિતાય - બહુજન સુખાય બન્યા છે અને પ્રત્યેક આશ્રિતના અંગ પ્રમાણેના સૂત્રો, સંકલ્પો, પ્રાર્થનાઓ પણ જીવન જીવવાની પ્રેરણા બક્ષિસ કરે છે. જેનું મૂળ તો એકાંતિક ધર્મની સિદ્ધિ અર્થે જ હોય છે. તેમાનાં

કેટલાક પ્રેરણાદાયક સૂત્રો –
આ પળ ધામરૂપ રહો.
સંબંધે સ્વરૂપ માની સેવા કરી લ્યો.
સામે આવનાર વ્યક્તિ કે પ્રસંગ તે જીવનમુક્ત જ છે.
પ્રત્યક્ષ સ્વરૂપને કર્તાહર્તા માનો.
Speak less work more. Let your results speak for you.
અને આખો સંજીવન મંત્ર, ગુણાતીત જ્ઞાનનું નવનીત કે પંચામૃત તો ખરા જ.
તેમાંથી એકાદ મંત્ર – સૂત્રને પળેપળ પોતાના સંકલ્પ, ભાવ ને ક્રિયામાં તપાસીએ અને જ્યાં સ્પંદન થાય ત્યાં પોતાનો જ દોષ માની, ભજન, પ્રાર્થનાથી પોતાનું શુદ્ધિકરણ કરી લેવું.

હું ક્યાં છું ? અને હું શું કરવા આ ગુરુહરિના શરણે આવ્યો છું ? અને તે માટે મારે શું શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? તેની ઝીણવટ ભરી પ્રશ્નોતરીથી આપણે મનને સ્મૃતિ, સેવા અને મહિમામાં ઓતપ્રોત કરવા શાશ્વત સંકલ્પની યથાતથ ઉજવણી કરવા માટે કટિબદ્ધ બનીએ અને યાહોમ કરી ફત્તેહ છે આગે તેવા દ્રઢ આત્મવિશ્વાસથી આ પર્વને સંપૂર્ણ સમર્પણભાવથી આતમમાં આનંદથી ઉજવીએ તેવું કરવાનું શ્રી હરિ સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ્રત્યક્ષ ગુણાતીત ગુરુ હંસાદીદી કરાવી આપે તેવી આરજૂ – યાચના સહ વિનંતી.

(પૂ.ડૉ.નીલમબેન)

શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

વાત છે શાશ્વત સંકલ્પના એક સર્જનની. જે હંમેશા નૈપથ્યમાં રહીને પણ પ્રભુનું સંકલ્પ કાર્ય બન્યા એવા એક મહામુક્તની. કે જેણે સાચી આધ્યાત્મિક સ્થિતિમાં રહી ગુરુહરિ પપ્પાજી મહારાજના સિદ્ધાંતમાં ને મરજીમાં જ પોતાના અસ્તિત્ત્વને વિલીન કર્યું. એમના મનમાં જરા સરખી પણ કોઈ મોટપની મહેચ્છા રહી હોત તો ખરેખર તેઓ કોઈ એક એવા વિશેષ સ્થાન પર હોત ! પરંતુ એવું જરાય ન થયું. કારણ કે એ શાશ્વત સ્વરૂપના શાશ્વત સંકલ્પનું એક બહુ છૂપું સર્જન હતું ! આવો ! એમના જ શબ્દોને સમજીએ.

'૧૯૬૬માં પપ્પાજી વિદ્યાનગર આવ્યા. તે સમયે મારો સ્કૂલમાં અભ્યાસ ચાલુ હતો. પપ્પાજીની આજ્ઞાથી મારે ચાર વર્ષ મુંબઈ પટેલ રૂબીમાં કામ કરવાનું થયું. પછી વિદ્યાનગર આવવાનું થયું. ત્યારે પપ્પાજીએ મને પ્રભુકૃપામાં બોલાવ્યો ને મને જિંદગીભરની સીધી જ દોરી છટ લાઈન આપી દીધી ! કે આજથી તારે અનુપમમાં રહેવાનું અને પ.પૂ.સાહેબજી સાથે રહી સાધના કરવાની. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવાની સાધના ત્યાં થશે. માહાત્મ્યેયુક્ત સેવા કરીને સાહેબને ચકચૂર રાજી કરી લેજે, બાકીનું કામ ભગવાન કરશે.

પપ્પાજીનું આ એક જ વાક્ય મારી સાધનાનું ધ્રુવસૂત્ર બની ગયું ! મારા માટે તેઓ મારા પિતા કરતાં ગુણાતીત સ્વરૂપ–યોગી સ્વરૂપ હતા. ઉભરાટ શિબિર વખતે ગુરુહરિ પપ્પાજીએ આપેલ સૂત્ર 'સંબંધવાળામાં મહારાજ જુઓ !' એ સતત નજર સમક્ષ રાખ્યું. આવા સ્વરૂપો તત્ત્વરૂપે અખંડ પ્રગટ રહે છે અને આપણને હંમેશા દોરતા રહે છે. પપ્પાજી સદાય મારી પ્રાર્થના અને સ્મૃતિમાં સાથે રહ્યાં. સાહેબજીની આજ્ઞા પાળવામાં અને એમના સૌ સંબંધવાળાને દિવ્ય માનવામાં પળેપળે, પ્રસંગે પ્રસંગે મને પપ્પાજીએ બળ પૂર્યા છે. હંમેશા હું કેમ કરીને સાહેબજીનો થઈને જીવી લઉં ! તેવી આજ્ઞા ને સૂચનો કરતાં રહ્યા. અને તે પ્રમાણે જીવવામાં હંમેશા પપ્પાજીએ મને અમાપ બળ આપ્યા જ કર્યું છે.

અને સૌથી અગત્યની વાત કે પપ્પાજીએ કદીય મને પોતાનામાં જોડવા ક્યારેય પ્રયત્ન તો શું અણસાર પણ નથી આવવા દીધો ! મને સંપૂર્ણ ખાત્રી છે કે મને કોઈ માન મોટપ મળે, કોઈ ઉંચી પદવી મળે એવો તો પપ્પાજીને કોઈ વિચાર પણ ઉદ્ભવે તે કોઈ કાળે શક્ય નથી ! એથી ઉલટું ! કેમ કરીને હું બ્રહ્મરૂપ એવો દાસ બનીને પરબ્રહ્મની

ભક્તિ કરતો થઈ જાઉં, સાચું સુખ લેતો થઈ જાઉં ! એવા જ પપ્પાજીના સંકલ્પ, સિંચન રહ્યા છે.'

આ શબ્દો છે ગુરુહરિ પપ્પાજી મહારાજના નાના દીકરા અને સેવામૂર્તિ પૂજ્ય પ્રફુલ્લભાઈના.

વારસાગત લોહીના સંબંધોમાં પણ પપ્પાજી મહારાજના દિવ્ય ગુણોની સાચી આધ્યાત્મિકતા ઉતરી આવી હતી ! પૂ.પ્રફુલ્લભાઈ ખરેખર એવું જીવી ગયા ! નહીં કોઈ ફરિયાદ, નહીં કોઈ માંગ, ન કોઈનો અભાવ, ન ક્યારેય વિક્ષેપ. આવ્યા ત્યારથી સૌ પાસે સેવકભાવે જ જીવ્યા છે. બ્રહ્માનંદની મસ્તીમાં સદાય રહ્યા થકા સામે આવનારને પણ એવો નિર્દોષ આનંદ કરાવી માહાત્મ્યમાં ભીંજવી દેતા.

પપ્પાજી મહારાજ પિતાશ્રી રૂપે ભગવાનનું સ્વરૂપ હોવા છતાંય તે સંબંધમાં જરાપણ ક્યાંય જ લાગવગની લકીર પણ ન દેખાય ! પપ્પાજી સાથેની ક્યારેય કોઈ અંગત મુલાકાત કે પોતાના કોઈ પ્રશ્નોનું સમાધાન કરવા આવ્યા હોય તેવું તો કોઈની જાણમાં નથી. પપ્પાજી મહારાજના કાર્યસંગિની એવા પ.પૂ.મમ્મીજીએ પણ માતૃત્વની લાગણીઓ વરસાવવાને બદલે સંકલ્પભર્યા પ્રેમથી પ્રફુલ્લભાઈને સાધનાના કર્તવ્ય તરફ દોર્યા છે. ઘણી મહાનતા છે મમ્મીજીની પણ !

ગુણાતીતાનંદ સ્વામીની પ્રક.૩જાની ૧૩મી વાત પ્રમાણે તેમજ વચ.ગ.પ્ર.૨૩, ગ.મ.૩૦-૪૫, વચ.અમ.૨ અને ૩ આ પાંચ વચનામૃત પ્રમાણે ગમે તે હોય આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય આમાં કહ્યા પ્રમાણે કર્યા વિના છૂટકો નથી. પપ્પાજી મહારાજે પૂ.પ્રફુલ્લભાઈ દ્વારા આ વાતનો સાકાર દાખલો બેસાડી દીધો.

પપ્પાજીને મન સૌ કોઈ સરખા હતાં. છતાંય આધ્યાત્મિક સિદ્ધાંત ન ચૂકાય તે સૌથી પહેલું વિચારતા. પોતાનામાં જોડવાની વાત તો યોજનો દૂર પરંતુ એમની નજરમાં પણ એવો લલચામણો આવકાર કદી ન દેખાય!

પપ્પાજી મહારાજ સૌ કોઈના છે પરંતુ જ્યાં પોતાના સગા દીકરાની પણ જરા સરખીય લાગવગ ન ચલાવતા હોય તો આપણું તો એ કઈ રીતે ચલાવશે ? આપણી બુદ્ધિ, હોંશિયારી, આપણી શક્તિ, આપણી આવડત કે આપણી પાસે દુનિયાભરની કોઈ સિદ્ધિ હશે તે કાંઈ જ એમની નજરમાં આવતું નથી ! એમની દ્રષ્ટિમાં અને એમના સંકલ્પમાં કોઈ અકલ્પ્ય શક્તિ છે. આમેય વળી બ્રહ્મના ત્રણ ગુણ છે વ્યાપક, પ્રેરક ને નિયંતા. જે કોઈપણ સ્થળ, સ્થાન, કાળ, સીમાઓ કે કોઈપણ પ્રકારના આવરણોથી પર થઈને એ ધારે ત્યાં કામ કરી શકે છે ! પાછું વળીને વિચારીએ તો આપણા સૌના જીવનમાં પણ આવું જ કંઈક થયું છે.

પપ્પાજી મહારાજને આપણી પાસેથી શું જોઈએ છે ? વફાદારીભર્યું જીવન, માત્ર શુદ્ધ હૃદયની ભક્તિ. બુદ્ધિનું સાચુ સમર્પણ અને આર્તહૃદયની પ્રાર્થના. એનાથી તેઓ ખૂબ પ્રસન્ન થાય છે. સાચી સાધનાની સરળતા ને સમજણ માટે એમણે આપણને ગુરુ નામનું તત્ત્વ બક્ષિશમાં આપ્યું છે. ત્યાં હેત, વિશ્વાસ ને નિષ્કપટભાવથી જોડાઈ જવાય તો ખૂબ સુખે સુખે સરળતાથી સાધનાપંથે આગળ વધાય. ચાલો આપણે પણ કંઈક પ્રાર્થના કરી લઈએ. શાશ્વત સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજને સમસ્ત ભક્તો, મુક્તો અને સાધકો વતી અંતરની પ્રાર્થના કરીએ...

હે પપ્પાજી મહારાજ !

આપની પ્રસન્નતા અમારા જીવનનું ધ્યેય બની જાય... આપની પ્રસન્નતા માટે ગુરુ અને ગુરુહરિ અમારા જીવનનું કેન્દ્રબિંદુ બની જાય... આપની પ્રસન્નતા માટે અમારા સ્વભાવ ઓળખવાનું અને મૂકવાનું અમે જાણપણું રાખી શકીએ... આપની પ્રસન્નતા માટે આપના સિદ્ધાંતે, આપના બળે અને કેવળ આપના જ અર્થે જ જીવી લઈએ... આપની પ્રસન્નતા માટે જ આપના શાશ્વત સંકલ્પના આ પ્રવાહમાં અમારું અસ્તિત્ત્વ ભીંજાય, નીતરે અને ઓગળે... આપની પ્રસન્નતા માટે જ સાચા સમર્પિત થઈ આપનું સંકલ્પ કાર્ય બની રહીએ એવી આપના પુનિત ચરણે અંતરની પ્રાર્થના...

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

સત્સંગ સમાચાર

તા.૨૮.૯.૨૦૨૬ : પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિનની સભા

પ.પૂ.હંસાદીદીના સાંનિધ્યે, સવારના ૧૦ થી ૧૨ પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિનની સભાનો પ્રારંભ આવાહન શ્લોકથી કર્યો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને મમ્મીજીને પુષ્પહાર અર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા. ત્યારબાદ સ્વરૂપોના આશીર્વાદ લીધા.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : ગુણાતીત સમાજના સભ્ય બન્યા. હવે તમારું કામ પૂરું થયું. હવે બાકીનું ગુરુઓ કરશે. બસ આપણે આનંદ કર્યા કરવો. જોગી મહારાજે નિશ્ચિંત કરી દીધાં. કોઈ વાતે ચિંતા ના રાખી. ભગવાને આપણા બધાના ચાર્ટ દોરી દીધા છે. તે પ્રમાણે બધું ચાલે છે.

અત્યારે સત્યુગ ચાલી રહ્યો છે. સિદ્ધદશા પ્રાપ્ત કરવાનું મેદાનમાં મૂક્યું છે. આ ગુરુઓએ આપણને આપીને કે ન આપીને એકાંતિકપણુ સિદ્ધ કરાવી આપે તેવા સંજોગો ગોઠવી દીધાં છે. બસ માહાત્મ્યેયુક્ત સેવા, સ્મૃતિ, સમાગમ ને સુહૃદ પ્રાર્થના કર્યા કરવી. જેથી લોક, ભોગ, દેહ ને પક્ષથી પર કરી દેશે. આપણે મનને આનંદમાં રાખવા પ્રયત્ન કરવો.

મમ્મીને શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ ઓળખાઈ ગયાં. પ્રભુએ મમ્મીને એની રીતે સેવા આપી. મમ્મીનો સાથ હતો તો બધું સરળ રીતે થયું. મમ્મીની જેમ નિષ્કામ સેવા કરવી છે. આવી સેવા કરીએ એટલે પ્રભુ દેહભાવ બતાવે કાં અંતરમાં શીતળતા આપે.

પ્રસંગ આવે જાણજો રાજીપાની વાત... મમ્મીએ આ કર્યા કર્યું તો પાર પડી ગયાં. હૈયાની વરાળ બહાર ના કાઢી. ભજન જ કર્યા કર્યું. ને સૌમાં ભળી ગયાં. બધાય આવી રીતે સુખે સુખે સાધના પૂરી કરે તેવા મમ્મી આશીર્વાદ આપે તેવી અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

પ.પૂ.શોભનાબેન : આપણે સૌએ મમ્મીના દર્શન કર્યા છે. મમ્મીજી પપ્પાજીની રુચિ પ્રમાણે જીવ્યાં ને તેમના કાર્યમાં ભળ્યાં. આફ્રિકા હતાં ત્યારે, કે તારદેવ, કે અહીંયા ક્યારેય પોતાનું ધાર્યું કર્યું નથી. પપ્પાજીની અભિપ્રાયની ભક્તિમાં ભળી ગયાં. પોતાનું સર્વસ્વ આ બહેનોના કાર્યમાં વિલીન કરી દીધું. પોતાની રીત, ભાત, પ્રકૃતિ મૂકીને વર્ત્યાં. પોતે ખાનદાન હતા. ભારતમાં રહ્યાં તો સારાભાઈની રુચિમાં ભળી જે સાથ આપવાનો તે આપી દીધો. પપ્પાજીએ ક્યારેય મમ્મીજીનું સાચવવું પડ્યું નથી. બસ, મમ્મીજીએ પપ્પાજીને ભગવાનના સ્વરૂપ તરીકે જ જોયા ને વર્ત્યાં. અમને પપ્પાજીનો મહિમા ગાયો છે. સૂઝ આપી છે. એ એકોએક બહેનો સાથે ઉદારતાથી વર્ત્યાં. ભાઈઓનું પણ એટલું જ ધ્યાન રાખ્યું. પપ્પાજીની પ્રસન્નતા મળે તેવું સિંચન કર્યું છે. મમ્મીજીએ કલ્યાણની ભાવનાથી સેવા કરી તેમ આપણે કરીએ ને પામી જઈએ. પપ્પાજીએ આપણને પોતાના ગણ્યા તો હવે સમર્પિત થઈને જીવીએ. દીદીએ કહ્યું છે તેમ મારી મારાથી રક્ષા કરજો. એટલે કે મનમાં મહિમાના વિચારો કરીએ. જાગ્રત રહીએ. નામરૂપી, સ્મૃતિરૂપી સુદર્શન ચક્ર મમ્મીજીએ વાપર્યું તેમ આપણે વાપરીને પામી જઈએ. લડત પડે છે ત્યાં આપણે પ્રભુને અર્પણ નથી થયાં. આ કસર ટાળવી જ છે. આપણા વર્તનથી પપ્પાજી મહારાજનો ૧૧૦મો પ્રાગટ્ય દિન ઉજવીને દીદીબાને હાશ કરી દઈએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્દાન પ.પૂ.સોનાબા : સ્વામીનો સંકલ્પ પપ્પાજીએ ઝીલ્યો ને તેમાં મમ્મીજીએ સાથ આપ્યો. મમ્મીએ હક્ક છોડીને ભજન કરીને સાથ આપ્યો છે. મમ્મીને જબરજસ્ત સ્વરૂપનિષ્ઠા તો ખમ્યા ને નમ્યા. પોતાનું મૂકવાનું સહેલું નથી. પપ્પાજીએ પોતાની તાકાતે મમ્મીને તૈયાર કર્યા મમ્મીના અહંતા મમતા મૂકાઈ ગયા.

પપ્પાજીએ ચૈતન્યના ડાઘા કાઢવાનું કામ હાથમાં લીધું તે સહેલું નથી. તેમાં મૂંઝવણ, અકળામણ થાય. ત્યાં મમ્મીએ સાથ આપ્યો તો બહેનો સુખેથી આગળ ગઈ. આ બહેનો, યુવકો, સંતો, ગૃહસ્થોને ગ્રહણ કર્યા છે તે બધા સુખે સુખે આગળ વધે તેવા મમ્મી ને પપ્પા આશીર્વાદ આપે એ જ પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.મમ્મીજી : મારામાં ને તમારામાં અત્યાર સુધી બધું પપ્પાજીએ જ કર્યું છે. આપણને

ખબર ના પડે તે રીતે શુદ્ધ કર્યા કરે છે. જ્યાં મૂંઝાતા હોઈએ ત્યાં ભજન કરવાનું. ત્યારે તો કોઈને પૂછાય તેવું હતું નહીં ને પૂછાય તેવા પપ્પાજી હતા. તો તેમને પૂછાય તેમ નહોતું. એટલે ભજન જ કરવાનું રહ્યું. આ ભજન કર્યું તો બધું સાનુકૂળ થયું. તો હવે તમારી દ્રષ્ટિએ જે બાકી લાગે તે પૂરું કરી આપો તેવી પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : મમ્મીજીનો પ્રાગટ્યદિન. પપ્પાજી આફ્રિકાથી થોડા સમય રજા લઈને ઈન્ડિયા આવ્યા. ત્યાં જોગીબાપાએ પપ્પાજીને બહેનોના આ કાર્યની સોંપણી કરી દીધી. એટલે પછી આફ્રિકા જવાનું ના રહ્યું.

મમ્મીજીને પપ્પાજી જેવા પતિ મળ્યા એ કેટલી મોટી વાત ! પપ્પાજીએ બહેનોનું કાર્ય શરૂ કર્યું. જ્યોતિબેન, તારાબેન સાથે રહેતાં. એક પછી એક એમ બહેનો આવવા માંડી. એમાં મમ્મીજીએ સાથ આપી દીધો. મમ્મીજીને હક હતો પણ પપ્પાજી સાથે હકદાવા કર્યા વિના તેમની રુચિમાં ભળી ગયાં. પોતાને થયું કે આ બાબુભાઈ નથી, મારા પતિ નથી, એ ભગવાનનું સ્વરૂપ છે. આવી સાચી હક-દાવા વગરની પ્રીતિ. આવી રીતે આપણે પણ કોઈનાય પર હક ના રાખીએ.

મમ્મીજી ખેરખર ઉત્તમ સાધક તરીકે વર્ત્યા છે. તેમના જીવનમાં પપ્પાજી સિવાય કંઈ જ નહોતું. આ આપણે શીખવું છે. જે કંઈ કરીએ તે ભગવાનને સોંપીને કરવાની જીવનમાં ટેવ પાડી જ દેવી. પરમ ભાગવત સંત થવું જ છે. એકાંતિકપણું સિદ્ધ કરવું જ છે. આવું પોતે નક્કી કરીને મંડી પડવું. અત્યારે બળ દેનારા, પ્રાર્થના કરનારા છે તો આ સમામાં પામી જઈએ. આપણે બધું છોડી શકીએ છીએ પણ આપણને છોડી શકતા નથી. તેનાથી પર થઈ જઈશું તો ભગવાનનું કામ કરી શકીશું.

પ.પૂ.હંસાદીદીના આશીર્વાદ બાદ સભાનું સમાપન થયું.

ભાદરવા વદ - ૬, તા.૨.૧૦.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના તિથિ પ્રમાણે પ્રાગટ્યદિનની સભા

સાંજે ૪:૩૦ વાગ્યે પપ્પાજી હોલમાં સભાનો આરંભ આવાહન શ્લોકથી થયો. ત્યારબાદ હાથી અને સસલાના ડ્રેસમાં બાળકોએ 'હાલો હાલો આજ ઉત્સવ ઉજવવાને કાજ...' ભજન સાથે ગુરુહરિ પપ્પાજી મહારાજના સ્વાગત વધામણાં કર્યા. પપ્પાજી ગ્રુપના ભાઈઓએ ગુરુહરિ પપ્પાજી મહારાજના અત્યાર સુધી ઉજવાયેલા પંચવર્ષીય ઉત્સવો પર મહિમા સંવાદ અને નૃત્ય દ્વારા સૌને ગુરુહરિ પપ્પાજી મહારાજના મહિમામાં લીન કર્યા. સભા સંચાલક ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈએ ગુરુહરિ પપ્પાજી મહારાજની ગરિમાને વર્ણવતા સ્મૃતિ પ્રસંગો અને કાર્ય સમાન ભક્તોના અનુભવોની રસલ્હાણ તેમજ પંચવર્ષીય ઉત્સવોના સૂત્રોની સ્મૃતિ કરાવી.

હીરક પર્વ : મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં ૩ મિનિટથી વધુ નહીં ટકું.

અમૃત પર્વ : ઘર અને દેહને મંદિર બનાવો.

ભક્તિ ઉત્સવ : સંબંધે સૌને સ્વરૂપ માનો.

આરાધના પર્વ : ગરજુ થઈ સેવા કરો. દિવ્યભાવ રાખી ખમો.

આજ્ઞા ઉપાસના પર્વ (પ્રારંભ) : બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરો.

પરાભક્તિ પર્વ : સંબંધવાળામાં મહારાજ જુઓ.

શતાબ્દી પર્વ : પ્રત્યક્ષ સ્વરૂપની સ્મૃતિ સાથે રોજ ૧૫ મિનિટ ધૂન કરી એકાંતિક ધર્મ સિદ્ધ કરીએ.

પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ : વિચાર, વાણી, વર્તનમાં વફાદારી રાખીને પપ્પાજીની સૌરભ બનવું જ છે.

પપ્પાજી દિવ્ય પ્રકાશ પર્વ : 'હું છું પપ્પાજીનું કાર્ય' એ જાગ્રતતા રાખીને જીવવું છે.

શાશ્વત સંકલ્પ પર્વ : પપ્પાજીનો સંકલ્પ સિદ્ધ કરીએ. વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે.

ત્યાર બાદ મહિમાગાન ને સ્વરૂપોના આશિષ લીધા

તેના સારનો સ્વાધ્યાય કરીએ.

પૂ.કલ્પુબેન દવે : તા.૨.૯.૧૯૭૪ના પપ્પાજીનો હીરક પર્વ ઉજવવાનો હતો. વી.પી.હોલમાં સભા હતી. ગોળ ફરતા હીરા પર પપ્પાજીનું આસન બનાવ્યું હતું. દીદીને કંઈક નવીન કરવું હતું. સભામાં ડીકલેર થયું કે હવે સોનાબા પપ્પાજીને હાર પહેરાવશે. બધાને થાય કે સંતો સભામાં છે ને બા કેવી રીતે આવશે ! પપ્પાજી ચારેબાજુ જોતા હતા કે કોણ હાર લઈને આવે છે ? ત્યાં તો ગોરધનકાકાએ પપ્પાજીને બતાવ્યું કે ઉપરથી હંસ હાર લઈને આવે છે. તે હાર પપ્પાજી પાસે પડ્યો ને પપ્પાજીએ જાતે પહેરી લીધો.

આવા પપ્પાજી આપણને મળી ગયા. એમની સ્મૃતિ કર્યા કરીએ. આપણા અંતરમનમાં બિરાજમાન કરી ઓળખી લઈએ. આ સ્વરૂપો આપણા માટે ભજન કરે છે. આપણે કોઈનું જોયા વગર પપ્પાજીને રાજી કરી લઈએ એ જ પ્રાર્થના.

પૂ.યોગીનીબેન પટેલ : અમૃતપર્વ બ્રહ્મજ્યોતિ પર ઉજવાયો. તે વખતે અમે ૧૦૫ બહેનોએ વ્રત લીધું. પ.પૂ.અક્ષરવિહારી સ્વામીજીનો ખૂબ આગ્રહ હતો કે ભાદરવા વદ ૬ સાંકરદા ઉજવો. ત્યાં ૩ દિવસનો સમૈયો કર્યો. ત્યારે પપ્પાજીએ કહેલું કે, ભગવાન થવામાં માલ નથી. સાધુની પદવી મોટી છે. તે વખતે મેં 'ચલો ચિદાકાશ...' ભજન પર નૃત્ય કર્યું હતું ને ત્યારે પપ્પાજીએ જે દ્રષ્ટિ કરી હતી તે કાયમ માટે મારા અંતરમાં ઉતરી ગઈ.

પૂ.ધર્મિષ્ઠાબેન મોઢ : ૧૯૯૬ની સાલમાં ભાદરવા વદ ૬ની ઉજવણી જ્યોતમાં વિભાગ પ્રમાણે કરવાનું નક્કી થયું. તે પ્રમાણે ૨જી ઑક્ટોબરે શિક્ષિકા બહેનો અને મેડિકલ બહેનોએ કાર્યક્રમ કર્યો હતો. તેમાં શિક્ષિકા બહેનોએ 'શૈશવ સ્મૃતિના સંભારણા' કાર્યક્રમ કર્યો હતો. તેમાં મને ગુરુહરિ પપ્પાજી મહારાજનું પાત્ર ભજવવાનું સૌભાગ્ય મળ્યું હતું.

ભક્તિ ઉત્સવનો સમૈયો સાંકરદા કરેલો ત્યારે દીદીએ ખૂબ સુંદર પ્રદર્શન કર્યું હતું. અમને કાષાંબર વસ્ત્રોનું વ્રત આપ્યું હતું. હવે તમારી કૃપાને અમે એળે ના જવા દઈએ. પપ્પાજીના બે સંકલ્પ પ્રમાણે અમે જીવતા થઈ જઈએ. તમારું કાર્ય શોભાડીએ એ જ પ્રાર્થના.

પૂ.બાબુકાકા : ભક્તિઉત્સવે હું સાંકરદા જ્યોતના દરવાજે ઊભો હતો ત્યાં પપ્પાજીની ગાડી આવી. તે વખતે પપ્પાજીએ દીદીને કહ્યું કે આ અરવિંદબાબુ આપણો છે.

અમૃતપર્વનો સમૈયો પૂરો થયો પછી નીલમબેને કહ્યું કે પપ્પાજીને કોઠિયાલાના દવાખાને લઈ જવાના છે. ત્યારે મારી જૂની ગાડીમાં પપ્પાજીને લઈ ગયા. દવાખાનું પણ જૂનું હતું. કોઈ સગવડ નહીં. સામાન્ય પલંગ પર પપ્પાજીને સૂવાડ્યા ત્યારે એમ થાય કે કેવા પપ્પાજી !

પપ્પાજીએ અને બધા સ્વરૂપોએ આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું. તમે જે અપેક્ષા રાખો છો તેમાં અમે પ્રયત્નશીલ રહી સાથ આપીએ. તમે વરસી જાવ એવા અમારા વિચાર, વાણી, વર્તન કરીએ.

પૂ.જશવંતીબેન : આરાધના પર્વ આપણે પપ્પાજી તીર્થ પર ઉજવતા હતા. ખેતીની જમીન તરીકે ફક્ત રાત્રે જ લાઈટ મળતી. પપ્પાજી મને કહે, 'લાઈટ હશે તો બાકીની સેવા થશે. માટે આ સેવા તારે કરવી પડશે.' ઈલેક્ટ્રીક બોર્ડમાં ૨૪ કલાક લાઈટ માટે એપ્લીકેશન કરવાની હતી. આ બાબત પ્રમુખ તરીકે જ્યોતિબેને પોતે ચિઠ્ઠી લખી. અને દેવીબેને પોતે એપ્લીકેશન લખી. નડિયાદથી એક ભાઈ ચેકીંગ માટે આવ્યા. હું ને દેવીબેન તીર્થ પર હતા. જ્યોતિબેન કહે, વિરેનભાઈને સાથે રાખો.' ત્યારે એમણે એ સેવા ગરજુ થઈને કરી. તેમ અત્યારે પણ તમારે જે સેવા, ભક્તિ કરાવવી હોય તે તમારી રીતે કરીએ એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ : આપણી સંસ્થાએ સ્વતંત્ર રીતે પહેલીવાર આરાધના પર્વનો સમૈયો ઉજવ્યો હતો. કોઈને અનુભવ નહોતો. પણ પપ્પાજીએ પ્રેરણા કરી ને સરસ ઉજવાઈ ગયો. કાર્યકરોની મીટીંગમાં દીદીએ પૂછયું તો પપ્પાજી કહે, 'મૂકી દે તે મોટો.' દીદી કહે, 'સેવામાં કંઈ ધબડકો વળે તો ?' પપ્પાજી કહે, 'ધબડકો વળે તે સર્વોપરી.' આ

પપ્પાજીનું વિઝન.

તે વખતે મારી સેન્ટ્રલ ઓફિસની જવાબદારી હતી. રજીસ્ટ્રેશન માટે અમે ફોર્મ બનાવ્યું. સૌ પ્રથમ ફોર્મ પપ્પાજીએ ભર્યું.

કઈ સેવા કરશો ? ઝાડુ મારવાની.

તમારું વાહન આપી શકશો ? હા. મર્સીડીઝ.

એ સમૈયામાં સુરત મંડળને શંખ પર આશીર્વાદ લખી આપેલા. આજે આ બધા ભક્તો સુખિયા થઈ ગયા.

એમની સ્મૃતિઓ, મૂર્તિ સંભારીને ભજન કરીએ. એવી ભક્તિ આરાધના પળેપળ અમારા જીવનમાં હોય તે જ પ્રાર્થના.

પૂ.ડૉ.નીલમબેન : આજ્ઞા ઉપાસના પર્વનો આ છેલ્લો ઉત્સવ પપ્પાજીની પ્રત્યક્ષ સંનિધિમાં ક્યોં. આપણે શું બનવાનું છે તે પપ્પાજીએ પોતે વર્તીને બતાવ્યું. બધું જ્ઞાન વર્તનમાં મૂકાય તેવું નથી. પણ આજ્ઞા આપી હોય તે કેવી રીતે જીવવું તે પપ્પાજીએ વર્તીને બતાવ્યું.

૧૯૯૮થી ૨૦૦૬ સુધી આ સ્વરૂપોને પપ્પાજીએ તૈયાર ક્યાં. બ્રહ્મરૂપ થઈ ભક્તિ કરવી તે આ સ્વરૂપો દ્વારા નજર સમક્ષ છે. પપ્પાજીની મૂર્તિ, વચનનું ધ્યાન જ્યારે જે અંગ હોય તે પ્રમાણે બધું મળી ગયું છે. તો પોતાની શોધ, મનન ને જાગ્રતતા રાખીએ. જે ગુણ પ્રાપ્ત કરવાના તે સ્વરૂપોએ પ્રાપ્ત ક્યાં. પપ્પાજીએ પોતાની બીમારીમાં કોઈ દિવસ ઉંહકારોએ ય નથી ભર્યો. દેહાતીત, ભાવાતીત, ગુણાતીત રહ્યાં છે. પપ્પાજીને કોઈ સમજણ કે જ્ઞાનથી તોલી ના શકાય. સો ટકા ભળી જાય તે આ ચાર બહેનોએ ૫૧ બહેનોને બધી સમજણ આપીને શીખવીને તૈયાર ક્યાં.

ત્યાર બાદ પ.પૂ.જયુબેનનો ૮૦મો પ્રાગટ્યદિન હતો તેમણે પપ્પાજીને બુકે અર્પણ કરી. પ.પૂ.દયાબેને પૂ.જયુબેનને હાર અર્પણ કરીને સ્વાગત્યા.

આશીર્દાન પ.પૂ.પદુબેન : આયોજન કરનાર બધાને ધન્યવાદ. નિરંતર વિચારીએ કે, કેવા મળ્યા છે ! કોના છીએ! ને ભાવ સમાધિમાં પ્રત્યેક પળે રહ્યા કરીએ. ઘસારામાં નહીં પડીએ તો જ આપણો આ આનંદ ટકી રહેશે. પણ, તો... એવું ક્યારેય ન ઉઠે. મનનો ઘસારો ન રહે તો ભાવસમાધિ રહે. મૂર્તિમાં લયલીન રહીશું તો કંઈ અડી નહીં શકે. બધા જ બહુ મોટા ને દિવ્ય છે. મારા ભગવાનનું કાર્ય જોવું છે. એ ભૂમિકા તૈયાર થઈ જાય તો સુખ જ રહે. દર પાંચ વર્ષે નવીન રીતે આધ્યાત્મિક આનંદ દીદીએ કરાવ્યો છે. એ જ બ્રહ્માનંદમાં રહીએ. બધાને જોઈને આંખ હસી ઉઠે. કોઈનું કંઈ દેખાય નહીં તેવા બળિયા બનીએ એ જ પ્રાર્થના.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : મહિમાની વાતો નિરંતર કરવી, સાંભળવી. ગુણાતીત સત્પુરુષની દ્રષ્ટિમાં આવ્યા એટલે આપણું કામ પૂરું. આપણે કોઈની જોડે વઢવેડ નહીં કરવાની. મૂકી દે તે મોટો, પકડી રાખે તે ખોટો. આવી રીતે જાગ્રતતા રાખીને જીવીએ.

આશીર્દાન પ.પૂ.દીદી : આપ સર્વના દર્શનથી ખૂબ આનંદ થાય છે. સૌને ભાવભર્યા જય સ્વામિનારાયણ.

પ.પૂ.દીદીએ કલાકાર ભાઈઓને સ્મૃતિભેટ આપી. ત્યારબાદ 'તનડુ ખુશી ખુશીમાં ડોલે' ભજન સાથે ગુરુહરિ પપ્પાજી મહારાજે વિદાય લીધી ને સભા સમાપ્ત કરી.

તા.૧૫.૯.૨૦૨૬ : ઋષિપંચમી, પ.પૂ.તારાબેનના પ્રાગટ્યદિને પપ્પાજી તીર્થ પર ઉત્સવ પ્રારંભે મહાપૂજાનું આયોજન

ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૦મો પ્રાગટ્ય દિન 'શાશ્વત સંકલ્પ પર્વ' અને પ.પૂ.હંસાદીદીનો ૯૦મો પ્રાગટ્ય દિન 'પ્રેરણા પીયૂષ પર્વ' નવેમ્બરમાં ઉજવીશું. તેના સેવાકાર્યના શુભારંભે પપ્પાજી તીર્થ સંત નિવાસમાં સ્થાનિક વ્રતધારી સંત ભાઈઓ, સંતો મુક્તોના સાંનિધ્યે મહાપૂજા કરી. ઉત્સવ સરસ રીતે ઉજવાય તે ભાવ પ્રાર્થનારૂપે ધર્યા. આપણે પપ્પાજીનું કાર્ય બની વિચાર, વાણી, વર્તન કરતાં રહીએ તેવી યાચના કરી. મહાપૂજામાં મંત્ર પુષ્પાંજલિ કરી. પપ્પાજી તીર્થ ઉપર પુષ્પ વૃષ્ટિ કરીને ભૂમિ પ્રસાદીની કરી.

તા.૩.૧૦.૨૦૨૬ : પ.પૂ.ઈન્દુબેનના હીરકભક્તિ પર્વે સાંસ્કૃતિક કાર્યક્રમ

'સંત સ્મૃતિના સરોવરમાં... ભાગ–૨'

પ.પૂ.હંસાદીદી અને સ્વરૂપોના સાંનિધ્યે સાંજે ૪:૩૦ વાગ્યે પપ્પાજી હોલમાં ઈન્દુબેનના સાંસ્કૃતિક કાર્યક્રમ **'સંત સ્મૃતિના સરોવરમાં ભાગ-૨'**નો આરંભ આવાહન શ્લોકથી થયો. ઈન્દુબેનના જીવનદર્શનની ઝરમરને પૂ.અરૂણાબેન પટેલ રચિત યશગાથા ભજનમાં માણી અને ઈન્દુબેનના મહિમા અને કાર્યદર્શનને તેમજ ભક્તોને થયેલા અનુભવોના સરોવરના પુનિત નીરે સૌ ભીંજાયા. આ કાર્યક્રમનું આલેખન પૂ.પુનિતભાઈ ડાભીએ કર્યું હતું. ભજનો ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈએ બનાવ્યા હતા. નૃત્યકલા પૂ.ક્રિશ્નાબેન લેઉવાએ રચી હતી. આ સૌ તેમજ મંડળ અને અન્ય મદદનીશોની ભક્તિનું દર્શન થઈ રહ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : સાધનાની શરૂઆત મુંબઈ તારદેવથી થઈ. પછી પપ્પાજીને યોગીબાપાએ બહેનોનું સ્થાન તમારા પ્લોટ વિદ્યાનગરમાં બનાવો તેવું કહ્યું. પપ્પાજીની આ બધી જમીન હતી ત્યાં બનાવ્યું. શરૂઆતમાં એક બહેન બીમાર થયાં. સાહેબદાદા ને ભાઈઓ પપ્પાજીના વચને ડૉક્ટરને લઈ આવ્યા. અમને થયું કે બેન ડૉક્ટર હોય તો સારું. ત્યારપછી ચંપાબા થકી ડૉક્ટર બહેનો જોગમાં આવ્યા એ બધી બહેનોને પપ્પાજીની પાકી નિષ્ઠા થઈ. એ બધા અમદાવાદ ભણતા. અહીં આવી ન શકે. તેથી મારે વારે વારે ત્યાં જવાનું થાય. અમારે અમદાવાદમાં ક્યાં રહેવું તે પ્રશ્ન હતો. પપ્પાજીની પ્રેરણાથી ભટ્ટદાદા ને મધુબાએ કહ્યું, આપણા ઘરે જ્યોત ખોલો. તે પ્રથમ શાખા અમદાવાદમાં શરૂ થઈ. ત્યાં કોને રાખીએ ? તેમાં ઈન્દુબેનની પસંદગી થઈ. ઈન્દુબેન જ્યોત સાચવે ને અમે વારંવાર જઈએ. આખું મંડળ ઊભું થઈ ગયું.

ઈન્દુબેન ગરજુ થઈને સાધના કરવા આવેલા. તેથી જે આજ્ઞા હોય તે વફાદારીથી પાળતાં. જ્યોત હોય એટલે કંઈ કહેવું ન પડે કે અમે આવીએ છીએ. જમવાનો ટાઈમ હોય ને જઈ પહોંચ્યા તો તાત્કાલિક જે કરવું પડે તે અહોહોભાવે કરતાં.

ઈન્દુબેને જુદીજુદી પ્રકૃતિ પ્રમાણેના મુક્તોની સાથે આંતરિક રાંકભાવ રાખી, માહાત્મ્યથી સેવા કરી. ઈન્દુબેને જીવનમાં હું કહું એમ જ કરો એવું ન રાખ્યું. ઈન્દુબેનની જેમ આપણને ભગવાનને જે આપવું છે તે લેવું છે. હું મૂકી શકું એવું જીવન કરવું છે. પ્રાપ્તિ કરી લેવી છે. તેવી અભીપ્સા રાખીશું તો પપ્પાજી કરી આપશે.

પ.પૂ.શોભનાબેન : પ્રોગ્રામની સ્ક્રીપ્ટ લખનાર, કલાકારો ને જેમણે ભાગ લીધો તેમને જોઈને આનંદ થતો હતો કે કેવા ઈન્દુબા બધામાં પ્રસરી ગયા છે !

ઈન્દુબાને આજ્ઞા આપી કે અમદાવાદ જવાનું છે. તેમના તંત્રમાં કેવું થયું હશે ? બાની સેવા ખૂબ કાળજીથી કરતા તે મૂકીને જવું કોને ગમે ? કેવું મનનું અમન કર્યું ! કેવી વફાદારી ! ત્યાં ગયા પછી કોઈ વાતની ફરિયાદ વિચારમાંય નહોતી. તો સાધુતાના ગુણ આવી ગયા. જે જે સંબંધમાં આવ્યા તે અક્ષરધામને પામે તેવું જતન કર્યું. ઈન્દુબેને પોતાનું કાંઈ જ રાખ્યું નહીં. આપણે પણ પપ્પાજીને જે આપવું છે તે લઈને જ રહેવું છે. હે ઈન્દુબેન ! તમે ખૂબ વરસજો તમારા જેવી ભક્તિ અમે નિરંતર કરતા રહીએ તેવી પ્રાર્થના.

ત્યાર બાદ પૂ.ચિન્મયભાઈ ઠક્કરે બનાવેલ વિડિયો દર્શન **'સ્વામી સ્ટોરીસ'**માં ઈન્દુબેનના અનુભવ અને મહિમાનું દર્શન કરાવ્યું તે માણીએ.

પૂ.રાજુબેન : કેમ કરીને સામો મુક્ત રાજી થાય તે જ સ્વામીનું જીવન. અજમાવતકોટના રસીલાબેન બીમાર પડ્યા ને ફોન આવ્યો. તો ઈન્દુબેને મને બોલાવીને કહ્યું કે ગાડી લઈ લે અને અમે મણીબા સાથે અજમાવતકોટ ગયા. એમને અને એમના હસબન્ડને ગાડીમાં લઈ આવ્યા. અને સીધા હૉસ્પિટલમાં લઈ ગયા. પપ્પાજીના સંબંધવાળા મુક્તને રાજી કરી લેવાની ભાવના. આબાલવૃદ્ધને પપ્પાજીની નિષ્ઠા પાકી થાય તે માટે બધું જ કરી છૂટે. તેમ અમને આ સમાજની

સેવા સોંપી છે તે પપ્પાજીની રીતે કરીએ એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.હેમંતભાઈ : મારા માટે ઈન્દુબેને ઘણું કર્યું છે. મારા જન્મદિને સ્વહસ્તે પપ્પાજીના આશીર્વાદ અને લેખ લખીને આપ્યા છે. એ ભૂલાય તેમ નથી.

પૂ.વર્ષાબેન : અમારામાં જે કળા હતી તે કળે કળે ભજન, પ્રાર્થનાથી બહાર લાવતા. એકવાર કોઈ બાળકની છઠ્ઠી હતી. મને કહે પપ્પાજી જેવો ડ્રેસ એની માટે બનાવ. મને આવડતું નહોતું પણ એમણે બળ આપી કરાવ્યું. એમ દરેક કાર્યમાં બળ પૂર્યું છે.

પૂ.ચિન્મયભાઈ (અમદાવાદ) : મારું બાળપણથી ખૂબ જતન કર્યું. એ હંમેશા મારા માટે પાવરહાઉસ રહ્યાં છે. જે કંઈ છું તે સ્વામીને લીધે છું.

ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈ : આપણું એવી રીતે સેવન કર્યું જાણે એ આપણા સેવક હોય. આવું ભવ્ય સ્વરૂપ મારા માટે પૃથ્વી પર આવ્યું. તેઓએ નિ:સ્વાર્થ પ્રેમે પ્રભુ ભક્તિ કરતાં કર્યા.

પૂ.કિશ્નાબેન લેઉવા (અમદાવાદ) : હું ખૂબ ઋણી છું કે સ્વામી જેવા ગુરુ આપ્યા છે. પથ્થરમાંથી મૂર્તિ બનાવે તે અંદર તો પથ્થર હોય. સ્વામીએ અમારા અંતરની કોતરણી કરી. હું માનું છું કે સ્વામી મારી સાથે જ છે. એ મને કહી જાય છે. પ્રેરણા આપે છે.

ગુણાતીત પ્રકાશ પૂ.અતુલભાઈ : ઈન્દુબા હેતાળ સ્વરૂપ. પ્રાર્થનાથી અમારા પ્રસંગો દૂર કર્યા ને પપ્પાજીથી ભરી દીધા. પપ્પાજીને કર્તાહર્તા માનવાની સાધના કરી રહ્યા છે તે સફળ થાય.

ગુણાતીત પ્રકાશ પૂ.રાકેશભાઈ : આપણે પ્રભુને ક્યારે ગમીએ ? 'હે જોગી હૃદયના તું જંગમજીગર... ભજનમાં છે કે સરળ હું રહું એવું કરજે મને, ગમે તું મને ને ગમું હું તને...' આ પ્રમાણે જીવન બને ત્યારે. તો તેવું જીવન મારું બની જાય એ જ પ્રાર્થના.

પૂ.પુનિતભાઈ (અમદાવાદ) : એકવાર સ્વામી મને કહે, અગરબત્તીની જેમ સુવાસ ફેલાવીએ. એ તેમનો સંકલ્પ મારા જીવનમાં કાર્ય કરી રહ્યો છે.

એકવાર અમે દ્વારકા ગયા હતા. ને પાછા વળતાં મારો એક્સીડન્ટ થયો. બીજે દિવસે સ્વામીને મળવા ગયો તો કહે રાત્રે ૨:૩૦ વાગ્યે મારી ઉંઘ ઉડી ગઈ કે પુનિત ઘરે પહોંચી ગયો હશે ને ! આ સ્વામી !

પૂ. આશકાબેન ઠક્કર (અમદાવાદ) : સ્વામીની મૂર્તિ સામે બેસીને પ્રાર્થના કરીએ ને માર્ગદર્શન આપે છે. સ્વામી નથી છતાં તેમની હાજરી અનુભવાય છે.

ગુણાતીત પ્રકાશ પૂ.ગૌરવભાઈ : મારી માના અક્ષરધામગમન પછી ઈન્દુબેને મને કહ્યું કે હું તારી મા બેઠી છું. ને મને મારી માની કમી ક્યારેય અનુભવાઈ નથી. અમારા યુવકોમાં એમણે ઘણું કામ કર્યું છે. ને સુખિયા કર્યા છે. એમના સંકલ્પે ભગવાન ભજું છું. એમના વાઈબ્રેશન અત્યારે પણ કામ કરે છે.

પૂ.નેહાબેન દવે (અમદાવાદ) : ઈન્દુબેન સાથે ખૂબ આત્મીય સંબંધ. એ એવું તમારી સામે જુવે કે તમે જે નથી કહેતા તે પણ ગ્રહણ કરે છે. એ એટલી બધી હૂંફ આપે કે આપણને થાય કે એ આપણી સાથે છે, સૂઝ પાડે છે, રક્ષા કરે છે.

ગુણાતીત પ્રકાશ પૂ.કિરીટભાઈ : એમણે મને ખૂબ શીખવાડ્યું છે. દિવ્ય સ્વરૂપે કાર્ય કરી જ રહ્યા છે.

પૂ.શૈલેષભાઈ પ્રજાપતિ (અમદાવાદ) : મારે સમૈયામાં જવું હોય તો નોકરીને લીધે જઈ ન શકું. સ્વામીને વાત કરી કે મારે જોબ બદલવી છે. સ્વામી કહે તું એવી રીતે સેવા કર કે પપ્પાજી કરી રહ્યા છે ને તું મદદ કરે છે. પપ્પાજી રાજી થશે તો કંઈ માંગવું નહીં પડે. ને સ્વામીના એ વચન સાકાર બન્યાં.

પૂ.ધનિષાબેન સોલંકી (વિદ્યાનગર) : મને બહુ ઓછો ટાઈમ સ્વામી સાથે મળ્યો. મને એવી ટેવ હતી કે મોડેથી જમું. તો સ્વામી મારી સાથે ત્યારે જમે. સ્વામી મારી સાથે ફ્રેન્ડની જેમ રહ્યા છે.

પૂ.અનીલભાઈ જોષી (નરોડા) : ભાદરવા વદ ૬નો સમૈયો અમદાવાદ કર્યો ત્યારે મેં ને મારા દીકરાએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અમે પ્રેક્ટીસ કરવા નોકરી પરથી જતાં. પછી ઘરે જઈને જાતે રસોઈ કરીને જમતા. ઈન્દુબાને ખબર પડી તો કહે, કાલથી અહીંથી જમાડીને મોકલવાના તેવી પુનિતભાઈને આજ્ઞા

આપી. કેટલી કાળજી અમારી લીધી !

૧૩.૧૨.૨૦૧૨માં આણંદમાં મારી નિમણૂંક થઈ. સેન્સેટીવ ગામ હતું. લોકો અભણ. ચૂંટણીનું કામ ચાલતું હતું. એક વૃદ્ધે બહાર જઈને ખોટી વાત ફેલાવી ટોળા ભેગા થઈ ગયા. મેં પપ્પાજીને, ઈન્દુબાને પ્રાર્થના કરી કે તમે ઉગારો. પપ્પાજીએ બધું સરસ કરી દીધું. તો હવે એક પ્રાર્થના છે કે, સંપ, સુહૃદભાવ એકતાથી રહીએ ને સેવા માટે કદી ના ન પાડીએ.

આશીર્દાન પ.પૂ.સોનાબા : ઈન્દુબેન પૂર્વેના. પણ એમની જેમ ખપ રાખવો પડે. અંતરનું જગત છે, જીવનો રોગ કાઢવા આ પપ્પાજી આવ્યા. દેહ તોડીને ઈન્દુબેને મહિમાએયુક્ત સેવા કરી તો બધું સાફ થઈ ગયું. આમ કરીશું તો બધાના ઈંદ્રિયો અંતઃકરણ દિવ્ય થવાના જ છે. આ બધાએ મહિમાએયુક્ત સેવા કરી તો તેમનામાં ભગવાન રહેતા થઈ ગયા.

આશીર્દાન પ.પૂ.બેન : બાને ઈન્દુબેન સેવામાં ફાવી ગયા હતા. મુક્તોની સેવા મળી ને સંજીવનીના મુદ્રા પ્રમાણે ખેલદિલી રાખી ને સેવ્ય સ્વરૂપ થઈ ગયા. પ્રથમ પ્રભુ પછી પગલું. ભગવાનની પદવી કરતાંય સાધુની પદવી મોટી છે. ઈન્દુબેન ભગવાનની અનુવૃત્તિ પ્રમાણે કામ કરે છે. આપણે એમનો ગુણ લઈએ. આજે આપણે ઈન્દુબેનનો સમૈયો નહીં પણ પપ્પાજીનો ઉજવીએ છીએ. ઈન્દુબેન, બધા પરમ ભાગવત સંત થઈ જાય તેવી તમે મહાપૂજા કરજો.

તા.૪.૧૦.૨૦૨૬ : પ.પૂ.ઈન્દુબેનના હીરકભક્તિ પર્વની ઉજવણી...

પ.પૂ.ઈન્દુબેનના હીરકભક્તિ પર્વની ઉજવણીની શરૂઆત સવારે ૯ વાગ્યાથી પ્રભુકૃપા તીર્થધામેથી કરી. શ્રી અક્ષરપુરુષોત્તમ, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેન અને પ.પૂ.ઈન્દુબેન અને મુક્તવૃંદને લઈને ગૃહસ્થ મહિલાઓ પ્રભુકૃપાના દ્વારેથી જ્યોત પ્રાંગણે પધાર્યા. તેઓએ દાંડિયાથી સ્વરૂપોના ભાવ વધામણાં કર્યા. પંચામૃત હૉલના સુશોભિત પથ પર પણ સ્વાગત ભાવોને ઝીલતાં ઝીલતાં સ્વરૂપો પપ્પાજી હૉલના પ્રવેશદ્વારે પધાર્યા. ત્યાં સૌએ ગરબાની રમઝટ સાથે આ સ્વરૂપોને વધાવ્યા બાદ બીજના ચંદ્રના સુશોભિત સ્વાગત રથ પર આસનસ્થ કર્યા. ત્યાર બાદ આવાહન શ્લોકથી સ્વાગત યાત્રાનો પ્રારંભ કર્યો. 'પધારો પ્રભુ સંગે...' ભજન પર પૂ.ડોલીબેન અને પૂ.જીલબેને નૃત્ય દ્વારા સ્વાગતભાવો ધર્યા.

સ્વાગત રથ સ્ટેજ પાસે છડી પોકારીને અભિનય દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.ઈન્દુબેન અને અક્ષરમુક્તોના સ્વાગત વધામણાં કર્યા.

ત્યાર બાદ 'પરમ દર્શનદાન મળી રહ્યાં...' ભજન પર પ્રસન્ન ગ્રુપના બહેનોએ અને 'પધારો સ્વામી સહજાનંદ...' પર અમદાવાદ મંડળના કલાકારોએ નૃત્યભાવ ધર્યા. ત્યાર બાદ સ્વરૂપો મંચસ્થ થયા.

આજની ઉત્સવ સભાનું સંચાલન કરતાં પૂ.ડૉ.નીલમબેને પ.પૂ.ઈન્દુબેનનું મહિમા દર્શન કરાવતાં સ્મૃતિઓ કરાવી કે, શ્રીજી મહારાજે સૌ પ્રથમ મંદિર અમદાવાદ કાલુપુરમાં સ્થાપ્યું. એ પવિત્ર તીર્થભૂમિએ ગુરુહરિ પપ્પાજી મહારાજે ગુણાતીત જ્યોતની પ્રથમ શાખા ૧૯૭૪માં, સમર્પિત એકાંતિક ભક્તરાજ પૂ.મધુબેન જશુભાઈ ભટ્ટ સાહેબના ઘરે આંબાવાડી, અમદાવાદમાં શરૂ કરી. પૂ.મધુબેન અને પૂ.ભટ્ટ સાહેબે પોતાનું સર્વસ્વ અર્પણ કરી, એકાંતિક ધર્મ સિદ્ધ કરી લીધો. છેલ્લા શ્વાસ સુધી એક નિષ્ઠાએ જીવ્યાં છે.

આ શાખાના મહંત તરીકે પૂ.ઈંદુબેનની વરણી થઈ. તેઓએ ગરજુ થઈ સિદ્ધાંતે આ સેવા બજાવી. અમદાવાદ મંડળના 'સ્વામી' બન્યા. પોતાનું સ્વ હોમ્યું ને સામાને હોમાતા શીખવ્યું. સૌને આવકાર્યા, સ્વીકાર્યા ને સૌની રુચિમાં ભળી રાજી કરી લીધાં.

એવાં ઈન્દુબેન ૧૯૪૫માં પ્રગટ્યા એને ૮૦ વર્ષ થયા એ ભક્તિ ઉત્સવ. ને તેઓના આતમમાં ૧૯૬૩માં ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રતિષ્ઠા થઈ એનો હીરક પર્વ. આ બંનેના સમન્વયનો ઉત્સવ ઉજવી રહ્યાં છીએ

એ આ હીરકભક્તિ પર્વ. પોતે હીરક બનીને સૌને પાસા પાડીને હીરા સમ તેજ ઉજાસ અર્પીને ગુણાતીત જ્યોત પરિવારના સમર્પિત એકાંતિક ભક્તો બનાવી દીધા.

ભક્તિ સ્વરૂપા બનીને સૌની દાસત્વભાવે ને ચૈતન્યના માવતરનાં સબંધે ભક્તિ જગાડી છે. જીવમાં પ્રત્યક્ષ પ્રભુ અને સદ્‌ગુરુ સ્વરૂપોનું માહાત્મ્ય ઉદય કર્યું છે. પળેપળ પ્રભુમાં રહી મન, બુદ્ધિ, ચિત્તમાં પ્રભુ મહિમાનો પ્રકાશ પાથર્યો છે. સૌની મનની ગૂંચો ઉકેલી છે. પ્રભુનો ને સ્વામિનારાયણ મંત્રનો આશરો લેતાં કર્યા છે. ખમવું, નમવું ને પ્રભુને ગમતાં થવું તે શીખવ્યું છે.

સર્વ વાતે સૂઝ સમજ ધરાવતાં ઈન્દુબેને સૌનું મા બનીને જતન કર્યું છે. ગુણ ગાઈએ એટલા ઓછા છે. ન ભૂતો ન ભવિષ્યતિ તેમનું કાર્ય છે. કોટિ કોટિ વંદન સાથે શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.હંસાદીદી, પ.પૂ.ઈન્દુબેન તેમજ સ્વરૂપોને પુષ્પહાર, કલગી અર્પણ થયા. ભક્તો તરફથી પણ પ.પૂ.ઈન્દુબેનને પોતાના ભાવો અર્પણ થયા. ને મહિમાગાન થયા તેનું મનન કરીએ.

પૂ.ચિન્મયભાઈ ઠક્કર (અમદાવાદ) : હીરક એટલે ૬૦મો સાક્ષાત્કાર અને ભક્તિ એટલે ૮૦મો પ્રાગટ્યદિન. સર્વ હરિભક્તોનું હૃદયથી સ્વાગત કરું છું. હું જ્યારે ખૂબ નાનો હતો ને જ્યોતમાં જાઉં ને દોડીને સ્વામી પાસે પહોંચી જાવ. ને ખૂબ હેતથી મને બોલાવે ને ગ્રાન્ડ વેલકમ ફીલ થાય. દીદીને ભીડો ન આપવો પડે ને સર્વે સ્વરૂપોના આશીર્વાદ મળે તે હેતુથી અહીં વિદ્યાનગર આ સમૈયો ઉજવવાનું આયોજન કર્યું.

ઈન્દુબેનની સાધનાનું સૂત્ર એ હતું કે મહારાજના આછા-પાતળા સંબંધવાળાની સેવા કરી રાજી કરી લેવા. બાળપણમાં બોટાદમાં પ્રાર્થના કરતાં કે, મારે ઘર જોઈએ છે પણ વર નહીં. તે પૂર્વનો આત્મા હોય તે જ એવું કહી શકે. જ્યોતિબેને ૧૮ હજાર માળા કરવાની આજ્ઞા આપી તે દિલથી કરી. વિદ્યાનગર હતા ત્યારે પણ ખૂબ સેવા કરતા. તે ભજનથી કામ કરે છતાં સમર્થ થકાં ઝરણા કરે. એવાં સંતના દરેક કાર્યમાં ભગવાન છે. એવા કેટલા બધા સ્વરૂપો આપણને મળ્યા છે. તેથી આપણે ખૂબ ભાગ્યશાળી છીએ.

ત્યાર બાદ ગુણાતીત પ્રકાશ પૂ.અલ્પેશભાઈએ આજે જે અનાવરણો થયા તે વિશે માહિતી આપી.

સૌ પ્રથમ પ.પૂ.હંસાદીદીના હસ્તે 'સુવર્ણ ભક્તિ ગાથા' પુસ્તકનું અનાવરણ પૂ.શૈલેષભાઈ અને પૂ.પ્રકાશભાઈ પ્રજાપતિએ કરાવ્યું.

ત્યાર બાદ પ.પૂ.પદુબેનના હસ્તે ડીજીટલ પુસ્તક 'વાત્સલ્ય ધોધ'નું અનાવરણ પૂ.વર્ષાબેન અને પૂ.હેલીબેને કરાવ્યું.

ઈંદુબેનના ભજનોની પેનડ્રાવઈવનું અનાવરણ પ.પૂ.શોભનાબેનના હસ્તે પૂ.હર્ષાબેન, પૂ.નેહલબેન દવે અને પૂ.ઉમાભાભી પ્રજાપતિએ કરાવ્યું.

પૂ.પુનિતભાઈ ડાભી (અમદાવાદ) : પોતે તેમના પ્રાગટ્યદિન નિમિત્તે પ.પૂ.હંસાદીદીના હસ્તે સ્મૃતિભેટ મેળવ્યા બાદ અનુભવદર્શન કરાવતા કહ્યું કે મારા પપ્પા ધામમાં ગયા ને ગીતામાસી પરમારે મારા મમ્મીને બેનનો અને મને ઈન્દુબેનનો જોગ કરાવ્યો. બેને મમ્મીને કહ્યું કે તારે કેવું જીવન જીવવું છે ? ને મમ્મીએ બેન સાથે જીવવાનું નક્કી કર્યું. ને જે જીવન આજે છે તેની કલ્પના પણ નહોતી કરી. હું ખાસ જ્યોતમાં નહોતો જતો. એકવાર મારા જન્મદિવસે બધા મારા ઘરે આવ્યા હતા. મેં તેમને વાત કરી કે હું રોજ મંદિરે દર્શન કરવા જાઉં છું તો જ્યોતમાં આવી શકું ? તો ઈન્દુબેન કહે હા. ને ત્યારથી રોજ જ્યોતમાં દર્શને જાઉં. ને બધી વાતોની મૂંઝવણ શાંત થઈ જાય. ક્યારેય કોઈ વાત સમજાવવાનો પ્રયત્ન નથી કર્યો. ફક્ત પ્રેમથી જ પરિવર્તન કર્યું. જે અખંડ ભગવાનધારક સંત હોય એની જ સામર્થિ છે કે અંદરનું બદલી શકે, મારામાં સ્થિરતા લાવી શકે. મારા લગ્ન થયા. ને જોબ નહોતી. અમીતભાઈએ ખૂબ પ્રયત્ન કર્યા. જોબ ન મળી પણ આજે ખૂબ સારી પરિસ્થિતિ પર છે.

આપણે ૧ ડગલું ચાલીએ તો બાકીના પગલા તો એ ચાલે છે. મારું અંદરથી જે પરિવર્તન કર્યું તે માટે ઈંદુબા, પપ્પાજી ને સ્વરૂપોનો આભારી છું. વધારે ને

વધારે તમને મારામાં ભરતો જાઉં ને બિનજરૂરી બાકીનું નીકળતું જાય તેવી આપના ચરણે પ્રાર્થના.

પૂ.અરવિંદભાઈ વાઘેલા (રતનપુર) : મારી ૪૬ વર્ષની ઉંમરમાં આવા ભક્તિના પ્રસંગમાં બોલવાનો બીજીવાર મોકો મળ્યો છે. ૧૯૯૯માં પૂ.સી.ટી.દવેને મળવાનું થયું. તેઓ મને સભામાં લઈ જતા. મને ગાડી ચલાવવાનો શોખ. ને દાદાને થોડી તકલીફ તેને લીધે સેવા કરતો. પહેલીવાર અમદાવાદ જ્યોતમાં ગયો. ૧ વર્ષ ગયું મને થાય કે ઈન્દુબા કોણ ને સ્વામી કોણ ? ભટ્ટદાદાએ કહ્યું એ જ ઈન્દુબા જેના તમે આશીર્વાદ ૧ વર્ષથી લઈ રહ્યા છો. ઈન્દુબા અમારે ત્યાં આવ્યા ત્યારે કહે ગામમાં ઘરે ઘરે પૂજા થાય તેવું થાશે. ત્યારે ગામમાં પાકું મકાન નહોતું. કુલ ૨૦-૩૦ ઘર હતા. આજે દરેક ઘરમાં સભા થાય છે.

હે દીદી ! તમારા આશીર્વાદ મળતા રહે તેવી પ્રાર્થના કરું છું.

ત્યાર બાદ પૂ.હેલીબેને સારંગપુરના હનુમાનજીના મંદિરનો પ્રસાદ, હાર અને શાલ અર્પણ કર્યા.

પૂ.ડૉ.નીલમબેન : ઈન્દુબેને ૯ વર્ષ ગુણાતીત જ્યોતમાં સાધના કરી. સોનાબાની સેવામાં પસંદગી થઈ. એકવાર એમને ખરજવું થયું ને બાની સેવા ન કરી શક્યા તો એમને થયું કે આ દેહ સેવામાં આડો આવ્યો? ને પ્રાર્થના કરી. ૩૦ વર્ષના હતા ત્યારે પ્રથમ શાખા અમદાવાદમાં જવાબદાર તરીકે મોકલ્યા.

ઈન્દુબાએ પપ્પાજીની આંખ સામે જોયું. પોતાના કોઈ સંકલ્પ વિકલ્પ ન જોયા ને હા પાડી. કહે એમ જ કરવાની, રાજી કરવાની ભાવના. પોતાના મનને કોઈ રીતે વેરવિખેર ન થવા દીધું. ત્યારે મારો ગુલાબી સત્સંગ. દીદીને આવવું હોય તો ક્યાં રહે ? તો પપ્પાજીએ અમદાવાદ જ્યોત ખોલી. ભટ્ટદાદા જોબ પરથી આવે ને દીદીને લઈને આવે. મારી તબિયત સારી ન હોય તો ટિફિન આવી જાય. દરેક નાની બાબતમાં ઈન્દુબા ખૂબ ચીવટાઈથી ધ્યાન રાખતાં.

હંમેશા શરદપૂનમ જેવી શીતળતા સૌને આપી છે. પપ્પાજીનું જ્ઞાન પોતાના જીવનમાં ઉતાર્યું. ઈન્દુબાએ પ્રાર્થનાથી કામ કરવાની ને કરાવવાની ટેવ પાડી. પપ્પાજીની બીમારીમાં કેટલો બધો વખત ત્યાં રહ્યા પણ એકવાર દર્શનનો લોભ નથી રાખ્યો. ૬૦-૭૦ જણા ત્યાં હતા. પોતાની બાલ્કનીમાં બેસી બધું આયોજન કર્યું. પણ ખરો યજ્ઞ પ્રાર્થનાથી કર્યો. આજે સર્વે સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના કે ખમવું, નમવું ના લાગે ને દિવ્યભાવથી ગરજુ થઈને તમારી ભક્તિ કરીએ.

પૂ.નીમુબેન દાડિયા : પપ્પાજીને એક ડાયરીની કોપી કરાવવી હતી. પપ્પાજીએ ઈન્દુબાના અક્ષર સારા હતા તેથી તે સેવા આપી. ઈન્દુબાને એમ કે પછી કરીશ ને જ્યારે પપ્પાજીએ પૂછયું ત્યારે હજી તે સેવા બાકી હતી તેથી ઈન્દુબાને ખૂબ દુ:ખ થયું કે પપ્પાજીની આજ્ઞા ન પાળી શકી. ને ગાંઠ વાળી કે હવે પપ્પાજીની આજ્ઞા હોય તેમાં હા જ પાડવી. પપ્પાજી તો તક ન ચૂકે. ને અમદાવાદ જ્યોતમાં જવાની આજ્ઞા આપી ને તરત હા પાડી દીધી. પછી કોઈપણ પ્રકારે જે સેવા આવી હોય તે કરી જ લીધી હોય. પ્રસંગો તો આવ્યા જ હોય ને ! એકવાર એક ભક્ત ફેક્ટરીમાં દાઝી ગયેલાં. હૉસ્પિટલમાં અમે જોવા ગયા. કોઈને દવાખાને જોવા જાય તો એક નર્સ બેનને સાથે લઈ જ જાય. તેમને ચાદર ઓઢાડી હતી તો તરત નર્સ બેનને કહે પપ્પાજીની ચાદર લીસી છે તે લઈ આવ. આમ સંબંધવાળાને પપ્પાજી સ્વરૂપ માન્યા તે વર્તનથી બતાવ્યું. ઈન્દુબા ને પપ્પાજીના ચરણે પ્રાર્થના કે જે કંઈ સેવા આવે તે ભાવથી કરી લઈએ.

પૂ.પ્રવિણાબેન ગોહિલ : બહેનોને સેન્ટર પર જવાની વારી હોય. ઈન્દુબા બધા સ્વરૂપોની ખોટ ન લાગવા દે ને સંભાળ લે. એકવાર મને ઈન્દુબાએ ભજન ગાવાનું કહ્યું. મેં 'આપની કરુણા સૌરભ દઈ...' ભજન ગાયું. તેમાં આવ્યું 'અજ્ઞાન અમારુ ટાળી દઈ...' આ કડી સાંભળીને ઈન્દુબા કહે ઉભી રહે. ત્યારે કોઈ મુક્તની ક્રિયા જોઈને મને ન ગમી તો સ્વામી કહે સામા મુક્તનો સ્વીકાર કરવાનો છે, શિકાર નથી કરવાનો. ને એ વિચાર મારા મનમાંથી ટળી ગયો. હવેનું જીવન તમારી ભક્તિ અર્થે વીતે તેવી પ્રાર્થના.

પૂ.કિશભાઈ (અમદાવાદ) : ઈન્દુબા એટલે ઓલ ઈન વન. હું નાનો હતો તો જોરથી દરવાજો ખખડાવું. ને સ્વામી પોતે ઊભા થઈને ખોલે. મને પૂજા આપી ને કેવી રીતે કરવાની તે પણ શીખવ્યું. એમણે જ સંસ્કાર આપ્યા છે. સ્વામીનું નામ ઊંચુ રાખી શકું તેવી પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ. હેમંતભાઈ : ૫૧ સુપાત્ર જીવો, રત્નો પપ્પાજી મહારાજે ઘડ્યા. આ બધા અદ્વિતીય, અજોડ બહેનો છે. દરેકના પ્રકૃતિ, સ્વભાવ જુદા. પણ બધા એક માળાના મણકા. તેમાંના ઈન્દુબેન અમદાવાદ જ્યોતમાં અમને મળ્યા. તેમને અમદાવાદના મહંત બનાવ્યા. બાની સેવા કરી. તેમાંથી ઘણું બધું શીખ્યા. તેમનામાં બા જેવી પરિપક્વતા ને પીઢતા હતાં. બધા ભક્તો આવે તેનું જતન કરે. દીદી અમદાવાદ રહ્યા તો તેમના ગુણ પ્રાપ્ત કર્યા. એ ઈન્દુબેને પપ્પાજીની રીતે અમદાવાદ શાખા સંભાળી છે. તેમનામાં લેખનકળા અદ્‌ભુત હતી. ઈન્દુબા છૂપા જ રહ્યાં. જે જેના હોય તે સ્વરૂપનો અખૂટ મહિમા ગાયો છે. પોતાપણું જ નહીં. એ તેમનું અસ્તિત્ત્વ હતું. પપ્પાજીને પ્રધાન રાખીને જીવ્યા છે. સંકલ્પશક્તિથી અનેક ભક્તોમાં કામ કર્યું છે.

ઈન્દુબાએ મારું ઘડતર કર્યું છે. ગૃહસ્થ છું પણ ભગવાનના માર્ગે આગળ વધુ તેવી ઈન્દુબેનની આશા હતી. અસ્તિત્ત્વ રહિતનું સાચું જીવન જીવતાં રહીએ. પપ્પાજીનું કાર્ય બહેનો ને ગુણાતીત પ્રકાશના ભાઈઓ દ્વારા વહેતુ રહે તેવી પ્રાર્થના.

પૂ.રણવીરભાઈ (બોટાદ) : આજથી ૧૪ વર્ષ પહેલા મારો જન્મ થયો હતો. ૧૪ દિવસ પછી તબિયત ખરાબ હતી. બોટાદના ડૉક્ટરોએ ના પાડી દીધી. ઈન્દુબાએ અમદાવાદ બોલાવ્યા. ને મને ડૉક્ટરને બતાવ્યું. મને સારું થઈ ગયું. મારા જીવનમાં સ્વામી મુખ્ય છે. તે ખૂબ કામ કરે છે.

ત્યાર બાદ **પૂ.રાધેબેન ભાવસારે(યુ.એસ.એ.)** નૃત્ય દ્વારા પોતાના ભાવો વ્યક્ત કર્યા.

પૂ. ધ્રુવીબેન ભાવસાર (યુ.એસ.એ.) : આજે પ.પૂ.ઈન્દુબાનો ૮૦મો પ્રાગટ્યદિન ઉજવવાનો લાભ મળ્યો છે. મેં ચાર લાઈન લખી છે તે વાંચુ છું.

હે સ્વામી ઈન્દુબા, તમને પામવા બેસું તો વર્ષોના વર્ષ લાગશે. તમારી ભક્તિની રીત છે અનોખી જો એને સમજવા બેસું તો વર્ષોના વર્ષ લાગશે. સાંભળ્યું છે કે ઈશ્વરના અનંત અવતારો વિષે પણ તમ જેવા ઈશ્વરને આવતા ફરી યુગોના યુગ લાગશે. હા આ તો બસ વાત જ છે બાકી સત્પુરુષ ક્યાં અદ્રશ્ય થવાના છે ?

મારા જીવનમાં ગુરુ તરીકે ઈન્દુબા આવ્યા. મારી પળેપળ રક્ષા કરે છે. તેમણે પ્રાર્થના કરતાં શીખવ્યું છે. તો પ્રાર્થના કરીને સદાય કાર્ય કરીએ. પરદેશમાં રહીએ છીએ પણ ઈન્દુબા અમારી સાથે છે તેવો અહેસાસ થાય છે. ઈન્દુબા, તમારા ચરણોમાં પ્રાર્થના છે કે તમે અમારી રક્ષા કરજો, સાથે રહેજો.

આશીર્દાન પ.પૂ.પદુબેન : મહિમાની વાતો થઈ. ગઈકાલનો કાર્યક્રમ ખૂબ સરસ હતો. ભક્તોએ ઈન્દુબાને અનુભવ્યા તે તેમના મુખ પર દર્શન કર્યા. ઈન્દુબેને કેવું તે બધાના જીવમાં સ્થાન લીધું છે તે દર્શન થયું. તેમને કથાવાર્તા કર્યા વિના વર્તનથી બધું પ્રેક્ટીકલ કર્યું છે.

અલ્પેશભાઈએ આટલા ભજનો બનાવ્યા. પ્રકાશભાઈને આવી તબિયત છતાંય કેવી સેવા કરે છે! બધાનું ઈન્દુબેને પ્રેમ, પ્રાર્થનાથી જતન કર્યું છે તો મંડળ લીલુંછમ છે. ઈન્દુબેન ઓલ રાઉન્ડર હતા પણ તે એમણે ભક્તિમાં વાપર્યું. તેમ આપણેય ગરજ રાખીને તેમને પ્રસન્ન કરવાની ભાવનાથી સેવા કરીએ. એવા બળિયા બનાવે એ જ પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.હંસાદીદી : ઈન્દુબેને જે રીતે બા-પપ્પાનું વચન પાળ્યું તેવી જ રીતે મેં પણ કંઈ કહ્યું તે માનીને કરે, કરાવે. ઈન્દુબેને ભક્તિરૂપ સેવા કેવી રીતે થાય તે વિચારીને આચરણમાં મૂક્યું. એવો ભક્તિભાવ આપણામાં તો આવવો જ જોઈએ. આપણે બધું કરી શકીએ મારા બળે, મારી આવડતે. પણ તે હોંશિયારીથી નહીં પ્રભુના બળે કરીએ. પપ્પાજીએ આપણી પાછળ ભક્તિ માનીને શ્રમ કર્યો છે. આપણે ભગવાનને કહેવાની ટેવ પાડી દેવાની. એ કરવા તૈયાર છે. આપણે એને રાજી કરવા છે. એનેય આપણને રાજી રાખવા છે. તો ગુરુમુખી રહીને જીવીએ.

પૂ.રાજુબેન : ગયા વર્ષે ઈન્દુબાનો સમૈયો ઉજવવાનો હતો. કોઈ કારણસર ના થયો. બહુ એનજી નહોતી. એમ થતું હતું કે શું કરીશું ? સ્વામીને શું ગમે? અમદાવાદ જ્યોતને ૫૦ વર્ષ પૂરાં થયા. પપ્પાજીનું કાર્ય બતાવવું હતું. સ્વામીને થાય કે મારી સાથે જે મુક્તો હતા તેનું માહાત્મ્ય ગાવ. તેથી વડીલ માવતરોના અમૃતપર્વ ઉજવીએ તેવું નક્કી કરીને ઉજવ્યા. પછી બુક બનાવી જેમાં અમદાવાદ મંડળનો ઈતિહાસ મળે. પપ્પાજી, દીદી, ઈન્દુબા, મુક્તોએ શું કાર્ય કર્યું ? એવા ચૈતન્ય માધ્યમો ને હરિભક્તોનું કાર્ય લખ્યું. સ્વામીની ઈચ્છા હતી તેમ ભક્તોનો મહિમા આ રીતે ગાયો છે. નાનામાં નાના મુક્તને રાજી કરવાની સૂઝ પડી જાય. ને તે રીતે કાર્ય કરતાં જ રહીએ તેવા આશીર્વાદ આપજો.

ગુણાતીત પ્રકાશ પૂ.ગૌરવભાઈ : આ કાર્ય પપ્પાજીની પ્રેરણાથી થયું છે. જેમાં સ્વામીના નાના નાના ભૂલકાંની મદદ છે. એ બધાના સહકારથી આ થયું છે. અમે સેવા કરતા હોઈએ તેમાં જીતુકાકાએ ભજન કરીને બળ પૂર્યું છે. અમે બધા આવી જ રીતે સંપ, સુહૃદભાવ, એકતાથી સેવા કરીએ ને તમારું શોભાડીએ તે જ પ્રાર્થના.

પૂ.રોશનીબેન સીસોદિયા (અમદાવાદ) : જ્યારે એક વ્યક્તિ જ્યોતમાં જોડાય તો તેનો પરિવાર કેટલો બદલાય છે તે અમારા કુટુંબનો દાખલો છે. ફક્ત આર્થિક રીતે જ નહીં, કદાચ પૈસા તો મળી જાય પણ, સારા સંસ્કાર, સમજણ, આત્મવિશ્વાસ બધું જ્યોતમાંથી મળ્યું છે. અમે ખૂબ નાની ચાલીમાં રહેતા. ત્યાં ઈન્દુબા અમને મળવા આવતાં. ખૂબ પ્રેમ આપ્યો છે. અમારા માતા-પિતા સિવાયનું કુટુંબ અમારા માટે જ્યોત છે. અમારા સુખ-દુ:ખના સમયે અમારી સાથે જ રહ્યા છે. બધો શ્રેય જ્યોતને જાય છે. અમે ખૂબ નસીબદાર છીએ કે જ્યોત સાથે જોડાયા છીએ. અમે પણ એટલો જ પ્રેમ તમને સૌને આપીને મદદરૂપ થઈ શકીએ તેવી પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન : ઈન્દુબેન ઘરે હતા ત્યારથી બહુ ભજન કરવાની ટેવ. માહાત્મ્યેયુક્ત સેવા, સ્મૃતિ, નામરટણ કરી પપ્પાજીને અંદરથી સેવી લીધા. પપ્પાજીની પ્રસન્નતા એમના પર છે. પપ્પાજીને ગમે તેવું જીવન જીવે છે. નાનામાં નાના મુક્તને માથાનો મુગટ માનીને જીવે છે. ઈન્દુબેને બહુ જ સરસ કાર્ય કર્યું. આપણે પણ એવી રીતે કરીએ. 'હું' ટળે હરિ ઢુકડા થાય. દિવસ દરમ્યાન સેવાઓ વધુ રહેતી તેથી ઈન્દુબેનનો ભજન કરવાનો સમય રાતનો. તે ભજન કરીને જ સૂવે. અહીં એટલો ભીડો હોય તો ય કહેશે બહેનોને ના મોકલશો. ઈન્દુબેને કરેલ કાર્યનું પરિણામ બોલે છે. જશ-અપજશ બધામાં તુંહી તુંહી કર્યું છે તેમ આપણે કરવાનું છે.

આશીર્દાન પ.પૂ.ઈન્દુબેન : કોટિ કોટિ થેન્ક યુ. પપ્પાજી, બા, જ્યોતિબેન અને સર્વે સ્વરૂપોએ ભગવાન ઓળખાવ્યા. તેમણે અંદર બેસીને રૂપાંતર કરી આપ્યું. જે કંઈ માહાત્મ્ય છે એ એમનું છે. પપ્પાજીને અતિશય રાજી કરી લઈએ, ઓળખી લઈએ. અખંડ એમનું મનન ચિંતવન કરીએ. એમના ગમતામાં રહીએ એ જ પ્રાર્થના.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : દિવસમાં લાખ લાખ વાર જોગી મહારાજનો આભાર માન્યા વગર રહેવાતું નથી. એમનો સંકલ્પ બહેનોને ભગવાન ભજાવવાનો હતો તો આ શક્ય બન્યું. સિદ્ધદશા પામી શકાય, કોઈની રોકટોક વગર ભગવાન ભજાય એટલે આપણા પ્લોટમાં જ્યોત ખોલી આપી. બા, બેન, કાશીબા, માસીબા નાનપણથી ભજતા હતા. બાપાએ અસાધારણ કૃપા કરી આ સ્વરૂપો પકવી દીધા. જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન એ એમના વારસદાર થઈ ગયા. અત્યારે ૩જી પેઢીમાં જ્યોતિબેનને વળગીને ઈન્દુબેન તૈયાર થઈ ગયાં. બાના મુખનું પાન. અત્યારે અમદાવાદમાં મોટેરાને જોવું ના પડે તેવી રીતે સાચવી રહ્યાં છે. અમદાવાદમાં કેટલો સત્સંગ ફેલાવી દીધો. ઈન્દુબેન આવું ને આવું કાર્ય કરતાં રહે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

ત્યાર બાદ હીરક ભક્તિપર્વના જયઘોષ સાથે સભાનું સમાપન કર્યું.

તા.૧૧.૧૦.૨૦૨૬ : પ.પૂ.પદુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે પપ્પાજી હૉલમાં તા.૧૧.૧૦.૨૦૨૬ના સવારે ૧૦ વાગ્યાથી પ.પૂ.પદુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી કરી. આવાહન શ્લોક સાથે સભાની શરૂઆત કરી.

સભા પ્રારંભે સભા સંચાલિકા પૂ.ડૉ.નીલમબેને પદુબેનના જીવનકાર્યનું સંક્ષિપ્તમાં દર્શન કરાવી મહિમામાં રત કર્યાં.

પૂ.ડૉ.ભાવનાબેન શેઠ : જ્યારે હું ભણતી ત્યારે અમદાવાદમાં મારે ડેન્ટલ કોલેજમાં જવાનું ત્યારે પદુબેનના ઘર પાસેથી જ પસાર થવાનું હોય. જતા આવતા ઘણીવાર ત્રણે બહેનો હીંચકા પર બેઠા હોય તો દર્શન થાય. ત્યારે મને થાય કે આટલું મોટું ઘર ને આ બેનો કેમ ગુજરાતી સાડી પહેરે છે ? ત્યારે પદુબેનને યુવતીમંડળની સભા કરવાનું કહેલું. તેમાં વીણાબેન જતા ને એકવાર મને પણ લઈ ગયા. ત્યારે મને સમજાયું કે તેઓ આધ્યાત્મિક સાધના કરી રહ્યાં છે.

શરૂઆતમાં પપ્પાજીએ અમને પદુબેનનો સમાગમ કરવાનું કહ્યું હતું. પદુબેન ગોષ્ટિ કરે તેથી આનંદ આવે. કોકવાર કંઈ પ્રસંગ વગર મારું અંતર ઉદાસ થઈ જતું. મેં પદુબેનને પૂછયું. તો પદુબેન કહે તારે ચિંતા ન કરવી. પપ્પાજી સૂક્ષ્મ દેહનું રૂપાંતર કરતાં હોય. જે સેવા થાય તે કર્યા કરવી. આ સૂઝ હજુ પણ કામ આવે છે. પપ્પાજીને સ્વીકારીને પળેપળ કર્તાહર્તા માનવા તે એમણે કર્યું ને શીખવ્યું. આવા સ્વરૂપોની ભેટ પપ્પાજીએ આપી. સતત આધ્યાત્મિક સૂઝ આપી તે માર્ગે ચલાવતા પદુબેનને વંદન છે. સર્વને વર્તાવનારા પપ્પાજી છે તેવું અમને મનાયેલું રહે તેવી પપ્પાજી, પદુબેન, દીદી અને સ્વરૂપોને પ્રાર્થના.

ત્યાર બાદ પ.પૂ.દીદીને, પ.પૂ.પદુબેને હાર અર્પણ કર્યો. અને **પૂ.હર્ષાબેન પટેલ રચિત 'ઓ વહાલા તવ જીવનઝરમરમાં...' ભજન પર પૂ.મુસ્કાનબેન અને પૂ.દિવ્યાબેને નૃત્ય દ્વારા ભાવ** અર્પણ કર્યા. ત્યારબાદ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદી, પ.પૂ.પદુબેન, સ્વરૂપો અને વડીલ ભાઈઓને હાર, પુષ્પગુચ્છ અર્પણ થયા. સભા દરમ્યાન પ.પૂ.પદુબેનને સાધકો, ભક્તો તરફથી ભાવાર્પણ થયા.

પૂ.ખુશ્બુબેન દવે (અમદાવાદ) : પદુબેને અદ્ધળક અનુભૂતિ કરાવી છે. ૨૦૨૨માં પદુબેનના સુહૃદભક્તિ ઉત્સવ વખતે અમે રાત્રે ડેકોરેશનની સેવા કરતાં હતાં. બીજે દિવસે મારે જીસેટની પરીક્ષા આપવા જવાનું હતું. મેં પહેલા બે-ત્રણ વાર પરીક્ષા આપી હતી પણ પાસ ન થઈ. રાત્રે પદુબેન અમને મળવા આવ્યા તો મેં વાત કરી ત્યારે પદુબેને જે દ્રષ્ટિ કરી તે મને હજુય યાદ છે. બીજે દિવસે અહીં સભા ચાલતી હતી ને હું પરીક્ષા આપવા ગઈ. મને આશા નહોતી પણ હું તે પરીક્ષામાં પાસ થઈ ગઈ.

૨૦૧૮માં પણ મારી પી.એચ.ડી.ની પરીક્ષામાં પણ તેમણે કહ્યું કે ભજન કર ને આશીર્વાદ આપ્યા ને હું સરસ રીતે પાસ થઈ ગઈ.

પદુબેને સૂઝ આપી છે કે પપ્પાજી તો આપવા જ બેઠા છે પણ આપણે પોતાના સ્વભાવ મૂકવાના છે. બીજાનું જોવાનું નહીં. જોવાઈ જાય તો પપ્પાજીને યાદ કરીને યુ ટર્ન લેવાનો છે. આટલા વર્ષોથી એ સમજાવે છે તેથી ટેવ પડવા લાગી છે. હવે કોઈ કાંઈ કહે તો તરત સામા જવાબ આપતા અટકી જવાય છે. તો તમે જેવું જીવાડવા માંગો છો તેવું જીવીને તમને રાજી કરી શકીએ તેવી પ્રાર્થના.

પૂ.હીનાબેન શાહ (વિદ્યાનગર) : ભગવાન શું તે જ મને નહોતી ખબર. ૨૦૨૧માં કામિનીબેન સાથે પરાણે પહેલી વાર જ્યોતમાં આવી. ત્યારે અમે આર્થિક તંગીમાં હતા. મારા પતિને યુ.એસ. જવું હતું. પદુબેનને વાત કરી ને ખરેખર થઈ ગયું. ને આર્થિક સ્થિતિ પણ સુધરી ગઈ. મારી દીકરીને પણ ભણાવી શક્યા.

પ્રથમ પ્રભુ પછી પગલું... તેમ ડગ ભરવાની ટેવ

પાડી તો એકવાર મારા પતિ સાથે હું વિડીયો કોલ પર વાત કરતી હતી ત્યારે જ ત્યાં કંઈ ગોળીબાર થયો પણ મારા પતિ બચી ગયા. રક્ષા થઈ ગઈ.

એકવાર રાત્રે મારા દીકરાની ગાડીનો ભયંકર એક્સીડન્ટ થયો પણ પ્રાર્થનાના પ્રતાપે એ બચી ગયો. એને કંઈ ન થયું. હવે મુશ્કેલી એ મુશ્કેલી નથી લાગતી. પદુબેનને મળ્યા પછી સ્વભાવ બદલાયા છે. પદુબેન તમે આશીર્વાદ આપતા રહેજો એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.શાહભાઈ : ઈ.સ.૧૯૬૨-૬૩માં જ્યોતિબેન બસમાં ચીચબંદર આવતાં. બધાને લાભ આપે. ત્યારથી પદુબેન અને અમે સાથે છીએ. પદુબેનના પપ્પાને ખાસ એવું કે એ કંઈ શુભ કાર્ય કરવા જાય તો સારા શુકન થવા જોઈએ. તો પદુબેનના દર્શન કરીને જતાં. અમે જ્યારે રજનીભાઈનો જન્મદિવસ ઉજવવા જઈએ ત્યારે પદુબેન બધી ગોઠવણ કરતા હોય. ખૂબ મહિમા. પપ્પાજીએ બધા સ્વરૂપો તૈયાર કર્યા તેમાં પદુબેન એવો યુનિક કેસ છે કે જેમને અમદાવાદ તેમના ઘરે રાખીને સ્વરૂપ બનાવ્યા. ઈ.સ.૧૯૭૭માં જે આધ્યાત્મિક લેખ લખ્યો તેને બધા સ્વરૂપોએ ચકાસીને પહેલો નંબર આપ્યો. ને તેના પર ૯ દિવસની પદ્ધમાર્ગ શિબિર કરી. સૌ સ્વરૂપોને પ્રાર્થના છે કે, પ્રભુ ધારક થવાની ઈચ્છા છે, જાગ્રતતા રાખવી છે તો અમને પ્રાર્થનામાં રાખજો.

પ.પૂ.શોભનાબેન : પદુબેન પપ્પાજીનું યથાર્થ માહાત્મ્ય જાણતાં. ને પપ્પાજીને તેમના માહાત્મ્યનું દર્શન હતું ને આપણને કરાવ્યું. પદુબેન પૂર્વેના. તો પ્રભુના કર્તાહર્તાપણાનો સાક્ષાત્કાર સહજ થઈ ગયો. તેમને કોઈના પ્રકૃતિ, સ્વભાવ મન પર આવ્યા જ નથી.

એકવાર પપ્પાજી દિલ્હીથી આવતા હતા ને પદુબેનને ફોન કર્યો કે, અમે આવીએ છીએ. ૩૨ પકવાનનો થાળ તૈયાર રાખજો. પદુબેન માહાત્મ્ય સ્વરૂપ. પ્રભુ બોલ્યા ને ! તો તે થવું જ જોઈએ. અંતરથી પપ્પાજીને સંભારીને બધું બનાવવાનું શરૂ કર્યું. પ્લેન લેટ થયું ને ત્યાં સુધીમાં બધું તૈયાર થઈ ગયું. આ જોઈને પપ્પાજી કહે કે, હું તો હસવામાં જ કહેતો હતો. પણ પદુબેન અને રજની પાસે બોલતા ડર લાગે. નાનું વચન પણ મોટું કરીને પાળે જ. આવી વચનની કિંમત રાખીએ તો એ આપણા સ્વભાવને ટાળી દે. પપ્પાજીએ આવા આદર્શ સ્વરૂપો આપ્યા. પદુબેનની જેમ માહાત્મ્યનો સાક્ષાત્કાર કરી લઈ, સ્વરૂપોની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ.

પૂ.કિરીટભાઈ શાહ (રાજકોટ) : પદુબેન પહેલી વાર મને રાજકોટ મળ્યા. મારા મિત્ર વિક્રમભાઈ થકી તેમનાં દર્શન થયા. મારા ઘરે પધાર્યા. મારા વાઈફને કંઠી પહેરાવી. પોતાની કંઠી મારી વાઈફને મારા માટે આપી. ૧૮ વર્ષની ઉંમરે મેં આર્મીમાં નોકરી શરૂ કરી. ૨૦ વર્ષની નોકરીમાં થોડા વ્યસનો પડ્યા. તે પદુબેન મળ્યા પછી ઘણા ઓછા થઈ ગયા. જે કંઈ થોડા છે તે આજથી છૂટી જાય ને બહેનોની સેવા કરીએ એ જ પ્રાર્થના.

પૂ.અક્ષયભાઈ પુરોહિત (વિદ્યાનગર) : એકવાર પદુબેનનો ડીવાઈન ડે ઉજવાતો હતો. તેમાં દેવીબેને એવું કહ્યું કે કંઈપણ પ્રોબ્લેમ હોય તો પદુબેનને કહી દેવાનું. એ કહેશે તું ભજન કર, હું પણ કરીશ. એ વાત મારા મનમાં બેસી ગઈ.

એકવાર મારી પરીક્ષા વખતે મેં ફોન કર્યો હતો. પછી જ્યારે રીઝલ્ટ આવ્યું ત્યારે મારા તો ૩૫ માર્ક્સ જ આવ્યા હતા. એટલે પદુબેન મને વધુ ધ્યાન આપવા જણાવતાં હતા. મેં વાત બદલવા પૂછયું કે ગુરુજી, તમારી તબિયત કેવી છે ? તો પદુબેન કહે તારા માર્ક્સ સાંભળીને મને તો ચક્કર આવે છે. આ સાંભળ્યું ત્યારથી હું જરા સજાગ થઈ ગયો. બીજી એક્ઝામ વખતે કંઈક પ્રોબ્લેમ થયો ને એવી વાત હતી કે મારા રીઝલ્ટમાં ૦ માર્ક્સ મૂકાશે. પદુબેન કહે ભજન કર ને તેમ કરવાથી અશક્ય શક્ય થયું ને હું પાસ થઈ ગયો.

પદુબેન મારું નિરંતર ધ્યાન રાખે છે. ને સૂઝ આપીને હળવો કરી દે છે. તે મનની વાત પણ જાણે છે. એટલે એમ થયા કરે કે ગુરુજી આપણને સતત જોઈ રહ્યાં છે. તો સુખે સુખે આગળ જઈએ એ જ પ્રાર્થના.

પૂ.ગોપીબેન (રાજકોટ) : મારા લગ્ન થયા પછી જ્યોતમાં આવવાનું થયું. પદુબેન નાની નાની વાતોમાં ભગવાન તરફ આગળ વધારે છે. અને એ વાતનો

ખ્યાલ પણ નથી રહેતો કે નાની નાની વાતોમાં મોટું જ્ઞાન આપી રહ્યા છે. ને કંઈ મુશ્કેલી હોય તો તેના અંતર્યામીપણે જવાબ આપે છે. અમે પપ્પાજીના દર્શન નથી કર્યા. પણ પદુબેન ને સ્વરૂપો થકી કરીએ છીએ.

મારી નોકરીમાં બદલી માટે અરજી કરેલી પણ કંઈ થતું નહોતું. ભજન કર્યું ને કામ થઈ ગયું. હવે અમે વધારે ને વધારે પપ્પાજીની નજીક જઈએ તેવી પ્રાર્થના.

પૂ.કૃપાબેન પાઠક (નડિયાદ) : જ્યોત સાથેનો સંબંધ હું નાની હતી ત્યારથી છે. પૂર્વ જન્મના ફળ સ્વરૂપે આ જન્મે આ જોગ મળ્યો છે. મુશ્કેલી તો આવે જ. પણ તેમાં પદુબેનનું ખૂબ માર્ગદર્શન મળ્યું છે.

નડિયાદમાં અમારું સાવ નાનું ઘર કોઈ જાતની સગવડ નહોતી. પદુબેન અમારા ઘરે પધાર્યા ત્યારે મારા મમ્મીએ બધી તકલીફો જણાવી. પદુબેને ૧૫ મિનિટ ધૂન કરવાની આજ્ઞા આપી. તમારું ઘર થઈ જશે. તેવા આશીર્વાદ આપ્યા તેના ફળ સ્વરૂપે અત્યારે અમારું બે માળનું ઘર કરી શક્યા. મારા ભાઈએ ડિપ્લોમા એન્જીનીયરીંગ કર્યું. ડીગ્રી માટે એડમીશન લેવાનું હતું. કોઈ આશા નહોતી. પદુબેનને વાત કરી. તેમની પ્રાર્થના ને આશીર્વાદથી એડમીશન મળી ગયું. મારા અત્યાર સુધીના અભ્યાસ ને નોકરીમાં મારી મહેનત ૪૦% જ છે, ૬૦% પદુબેનમાં વિશ્વાસ ને આશીર્વાદથી થયું છે.

પદુબેન, દીદી અમારા પર કૃપા વરસાવજો ને બધા સ્વરૂપોની તબિયત સારી રહે તે જ પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.દીદી : ૧૯૭૭માં પદ્મમાર્ગ શિબિર કરી ત્યારથી પદુબેનની કક્ષા ખબર છે. સાથે રહેતા હોઈએ તો પણ ઓળખતા ન હોઈએ. સ્વરૂપ ઓળખવું તે દુર્લભ વાત છે. પપ્પાજીની કૃપા છે જેનો મહિમા ગવાય તેને સ્વીકારવા બહેનો તૈયાર હોય છે. અંદરથી માહાત્મ્ય સમજાઈ જાય છે, સ્વીકારાય પણ છે, ને સુખ પણ લેવાય છે. પદુબેન જેવી સાધના કરવાનો વિચાર કરીએ પણ હવે તો આચાર કરવાનો છે. આલોકનું તો મળી જાય તેનો આનંદ થાય. સાથે સાથે સ્વામિનારાયણ ભગવાને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું છે. બહેનો માટે વચનામૃતમાં લખી ગયા. જોગીબાપાએ જ્યોતિબેન, તારાબેનને ભગવાન ભજાવવાનું પપ્પાજીને સોંપ્યું ને આજે આટલા બધાં બહેનો છે. હું મને ઓળખું તો મારા સ્વભાવ મૂકાય ને એકાંતિક બનાય. આપણને એવું કરાવનારા મળ્યા છે. તો એકાંતિક ધર્મ સિદ્ધ કરી જ લઈએ.

હે પપ્પાજી મહારાજ ! હે પદુબેન ! એકાંતિક ધર્મ સિદ્ધ થાય તેવા અમારા સ્વભાવ કરી દેજો. બધા સુખ, શાંતિ, આનંદથી એકાંતિક બની જાય. ને તમે સાજાસમા રહો તેવું પપ્પાજી કરી આપે. એકાંતિક થઈને ભગવાનની સેવા તેમની રીતે કરવી છે.

પૂ.શીતલબેન પટેલ : મનીબેનની છેલ્લે દિવસે તબિયત ખૂબ નાજુક હતી. પદુબેન જોવા આવેલા. પછી રૂમમાં ગયા બાદ સૂઈ ગયા ને પદુબેને મનીબેનને સ્વપ્નામાં કંઠી પહેરાવી. પછી તો તે જ દિવસે મનીબેન ધામમાં ગયાં. પદુબેને મનીબેનને છેલ્લે કંઠી પહેરાવી તે કંઠી અમે મૂર્તિ સ્વરૂપ મનીબેનને પહેરાવી રાખી છે. આ સ્મૃતિ મનીબેનમાં લય કરી દે તેવી બની ગઈ.

પદુબેનનું જીવન કેવું હશે કે પદ્મમાર્ગ નીકળ્યો! આજના શુભ પર્વે પ્રાર્થના છે, માંગણી છે કે અમે પપ્પાજીનું કાર્ય બની રહીએ ને સૌ સ્વરૂપોને પપ્પાજી તંદુરસ્ત, દીર્ઘાયુ રાખે એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈ : ગુણાતીત સમાજની પદ્મમાર્ગ શિબિર કરી ત્યારથી પદુબેનનું જીવન છતરાયું થયું. ૧૯૯૮માં એક આયોજન થયું કે દક્ષિણ ગુજરાતમાં પ્રસાદીના સ્થાનો જોવા જ્યોતના બહેનો પધારે. ને પદુબેન પધાર્યા ત્યારે મારી સેવામાં વારી હતી. ત્યારે ૨૧ વર્ષે પાછા ઉભરાટની ધરતીએ પદુબેન પધારેલા. ને અંતરમાં ફીલ થવા લાગ્યું કે આ ધરતી જીવંત થઈ ગઈ. આ અનુભૂતિનું શબ્દોમાં વર્ણન કરવું અઘરું છે. ત્યારે થયું કે એ શિબિર ને આ સ્વરૂપો કેવા ભવ્ય ! આ અનુભૂતિ અચરજ પમાડે તેવી લાગી.

સુરતના એક હરિભક્તએ એક સભૈયામાં પુસ્તકો ખરીદ્યા હતા. તે ખોવાઈ ગયા. આ સભૈયાના સંકલન હેડ પદુબેન હતાં. પદુબેનને ખબર પડી તો તે બધા પુસ્તકોનો સેટ આપ્યો. કંઈપણ બને તેની જવાબદારી

સંકલનની કહેવાય તેનું આ પ્રસંગથી દર્શન થયું. કેવી માહાત્મ્યની દ્રષ્ટિ ! પદુબેન તમારા જેવી માહાત્મ્યની દ્રષ્ટિ અમને સૌ માટે રહે. મારામાં કાંઈ નથી, સામામાં પણ કાંઈ નથી તેવી દ્રષ્ટિ આવે તેવા આશિષ પપ્પાજી, દીદી, પદુબેન આપે તેવી તેમના ચરણે પ્રાર્થના.

પૂ.આભાબેન પટેલ : પદુબેન જીવનમાં આવ્યા ત્યારથી હું બદલાઈ ગઈ. શિબિરો થાય ત્યારે પદુબેન એટલો સરસ લાભ આપે કે દરેકને એ રીતે જીવવાનો નિશ્ચય થઈ જાય. પદુબેન કહે રોજ ૧૫ મિનિટ તમારા ભગવાન પાસે નીરવ મન રાખી બેસો. પપ્પાજી અંદરથી સૂઝાડશે કે કયું કાર્ય બરાબર નથી થયું ? તે ટાળવા ભજન ને સેવા કરવાની. તેમના બળે નિર્દોષબુદ્ધિથી જે સેવા કરશો તે પપ્પાજીને પહોંચશે.

પદુબેન હંમેશા કહે કે, આપણો અવાજ ક્યારે ઊંચો થાય ? આપણા સ્વને ટોંચો લાગે ત્યારે. આવું બને ત્યારે એના પ્રાયશ્ચિતરૂપે ભજન કરી લેવું.

પદુબેનને પપ્પાજીએ શાહીબાગ રહેવાની આજ્ઞા આપી. મેં પદુબેનને પૂછયું, તમને વિદ્યાનગર રહેવાનું મન ના થાય ? પપ્પાજીના દર્શન વગર દૂર રહેવાનું તો...? તો કહે, પપ્પાજીએ મારામાં વિશ્વાસ મૂક્યો. ને કહ્યું કે આ મંદિરની સેવા તારે કરવાની છે. ત્યારથી એક પળ પણ એવું નથી રહેતું કે આ મારું ઘર છે. આ મંદિરની સેવા કરવાની છે. એવું જ રહે છે.

એક વખત અમે માણાવદરથી રાતની એસ.ટી. બસમાં નીકળ્યા. પદુબેનની આજ્ઞા કે ક્યાંય જઈએ તો ૧૫ મિનિટ ધૂન કરવાની. સામેથી ટ્રક આવતી હતી. ને એકદમ મારાથી બૂમ પડી ગઈ. ને એક્સીડન્ટ થતા બચી ગયો. પછી ડ્રાઈવર ભાઈ કહે તમે જે પ્રાર્થના કરી તો મને સૂઝ પડી ગઈ કે શું કરું ? આ ધૂનનું પરિણામ... પદુબેન ! બુદ્ધિથી કંઈ મપાઈ જાય ત્યારે પણ આવી જ રક્ષા કરજો એ જ પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.પદુબેન : પપ્પાજી જેવા ભવ્ય સ્વરૂપે દ્રષ્ટિ કરી. જોગમાં લીધા ને સંબંધ આપ્યો. દુનિયામાં ક્યાંય નથી તે આપણી પાસે છે. સારું ઘર, નોકરી મળે તોય લોકો હવામાં ઉડે. આપણને તો બધું આપનાર પુરુષોત્તમનારાયણ મળ્યા છે. તો આપણે શું કામ ઢીલા હોઈએ ? સુખે સુખે કરવું હોય, પપ્પાજીને રાજી કરવા હોય, એકાંતિક થવું હોય તો કોઈનું જોવાય જ નહીં. આ કલમ પાળવી જ પડે.

આપણે બદલાઈએ છીએ તે કોના થકી ? પપ્પાજીની દ્રષ્ટિ પડી, ગુરુએ ભજન કર્યું. તો બદલાયા. તો જેમ મારું થયું તેમ બીજાનું પણ થશે. હાજી ભલે કહીને મૂકી દઈએ. તો પપ્પાજી રાજી થશે. એકબીજાને સમજીને હા પાડી દઈશું તો આપણો અહંકાર શૂન્ય થતો જશે.


આપણે સાથે મળીને સેવા કરીએ. અત્યારે પપ્પાજી તીર્થ પર સમૈયાની સેવા ચાલે છે. આપણા ભાઈઓ નોકરી-ધંધા છોડી સેવા કરવા ગરમીમાં રહે છે. ભાઈઓ, સંતો, પ્રકાશના ભાઈઓને ધન્યવાદ છે. પપ્પાજીને, દીદીને રાજી કરવાની ગરજ છે. બદલામાં પપ્પાજી જે સુખ આપે છે તે લેવું છે. આપણા મટી જઈએ. ગમે તેવા દેશકાળ હોય, પપ્પાજીને યાદ કરો. સ્વામિનારાયણ મંત્રનો ઉપયોગ કરો. આ જન્મે જેટલા લૂંટાય તેટલા લૂંટી લઈ જન્મોજન્મના સુખિયા થઈ જઈએ. આપણું વર્તન હશે તો સ્વરૂપો ખુશ થશે, સાજા રહેશે. તેમની સાચી મોટ્યપ ઓળખીએ. ગુરુ પાસે બે હાથ જોડી વચન ઝીલી લઈએ. સૌને પપ્પાજીનો મહિમા વિચારવાની દ્રષ્ટિ આવી જાય તે જ પ્રાર્થના.

આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : દુનિયામાં પૂર્વના સંબંધવાળા હોય તે જ ખમે, નમે ને ભગવાનની રીતે જીવે. પદુબેન સંજીવની મંત્રના ૧લા મુદ્દા પ્રમાણે વર્તતા થઈ ગયા. યથાર્થ નિષ્ઠા પ્ર.૬૨ જેવી હોય તો બીજા સાધન કરવા ના પડે. મગજમાં ન બેસે ત્યાં સુધી વર્તાશે નહીં. તેથી પદુબેનનું સેમ્પલ આપ્યું. તેમણે કર્યું શું ? મહારાજનો સંબંધ છે ! એના દર્શન કર્યા. પ્રેક્ટીસ પાડી દીધી. તો સહજ થઈ ગયું ને જંગમમંદિર બની ગયાં. પરિણામે ગમે તે જીવ હોય તેને તેમના સાંનિધ્યથી શાંતિ થઈ જાય છે. આવી ટેવ આપણે પાડી દઈએ.

ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ બાદ સભાનું સમાપન થયું.

બ્રહ્મલીન

★ હરિધામ, સોખડાના વરિષ્ઠ સંત સ્વરૂપ પ.પૂ.દાસ સ્વામી (પ.પૂ.યજ્ઞવલ્લભસ્વામી) તા.૩.૧૦.૨૦૨૬ના બ્રહ્મલીન થયા છે.



તેઓને બાળપણથી સત્સંગ મળ્યો. તેથી ભક્તિમય વાતાવરણમાં ઉછર્યા. તારદેવનો યોગ હોવાથી ગુરુહરિ પપ્પાજી મહારાજ, ગુરુહરિ કાકાજી મહારાજ ને પ.પૂ.સોનાબાની દિવ્ય સંનિધિ બાળ, કિશોર, યુવા અવસ્થામાં પ્રાપ્ત થઈ. દિવસે દિવસે ભક્તિ વધવા લાગી.

જૂના જોગી નિષ્ઠાવાન એકાંતિક ભક્તરાજ પૂ.ગોરધનભાઈ મરચન્ટના નાના ભાઈ રસિકભાઈ અનાદિના જ મુક્ત. રસિકભાઈને ચાર દીકરાઓ. તેમાંથી મોટા બે દીકરા પૂ.મહાપુરુષ સ્વામીજી, પૂ.દાસ સ્વામીજી સાધુ થયા. પૂ.હેમંતભાઈ ગૃહસ્થમાર્ગે સમર્પિત થઈને સત્સંગમાં ઓતપ્રોત છે. પૂ.ડૉ.મહેન્દ્રભાઈ પણ ભક્તિભાવે જીવી રહ્યાં છે.


ઈ.સ.૧૯૬૫માં શ્રી યોગીજી મહારાજના હસ્તે અટલાદરા મંદિરમાં દીક્ષા લીધી. તેમનામાં સહજ દાસત્વભાવ હતો તો દાસસ્વામીનું ઉપનામ પામ્યા.

પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજી સાથે અસાધારણ જોડાણ હતું. સૌ સંતો, ભક્તોમાં રસબસ થઈ, સ્વામીજીની રુચિને જીવન બનાવીને પળે પળ વર્ત્યા છે. હરિધામમાં સ્વામીજીની આજ્ઞાથી લેખન, પ્રકાશન, સેવા, સભા સંચાલન, કથાવાર્તા, સત્સંગ વિચરણ કરી અનેકને પ્રભુ આપ્યા ને ઓળખાવ્યાં. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું જ્ઞાન સંબંધમાં આવનારને સમજાવ્યું. કેવળ પ્રભુ ને સત્સંગ અર્થે જ જીવન. કોઈ પોતાનું જાણપણું જ નહીં. સ્વ રહિત થઈને જ્યારે જે સેવા ફાળે આવી તે કરી લીધી. જ્યારે જે મળ્યું તે અહોહોભાવે સ્વીકારી લીધું. પ્રભુ જ કર્તાહર્તા છે તેવી દ્રઢ નિષ્ઠાથી પ્રત્યેક પળે વર્ત્યા છે. પોતે તેજસ્વી હતા છતાંય તેની કોઈ અસ્મિતા નહોતી. નમ્રતાથી રાંકભાવે, ભક્તિભાવે વર્ત્યા છે. તેમનામાં અનોખું કવિત્વ હતું તો અનેક કીર્તનોની રચના દ્વારા પ્રભુમાં લયલીન રહેવાનું આપણને સુગમ કરી આપ્યું. પુસ્તકો, ગ્રંથોની રચનામાં તેમનું યોગદાન વંદનીય છે.

પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના સ્વધામગમન પછી પ.પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજીના ખભેખભા મિલાવીને કાર્યમાં ઓતપ્રોત થઈ ગયા. પ્રખર બુદ્ધિને કલ્યાણ અર્થે વાપરીને સાધુતા દીપાવી એવા દાસ સ્વામીજીને અનંત વંદન.

પ્રભુ સાંનિધ્યે બિરાજ્યાં...


★ યુ.કે., હેરોના નિષ્ઠાવાન પૂ.વીરજીભાઈ ધોકિયા તા.૨૭.૮.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.



વીરજીભાઈમાં અતૂટ ભક્તિના ઊંડા બીજ હતા તો નિ:સ્વાર્થભાવે સત્સંગમાં સેવા કરતાં જ રહ્યાં. સત્સંગના મજબૂત આધારસ્તંભ હતા. પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના નિષ્ઠાવાન ભક્ત, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.હંસાદીદી પ્રત્યે પૂજ્યભાવ, મહિમા. તેઓના વચનમાં શ્રદ્ધા રાખી પળેપળ વર્તવા પ્રયત્નશીલ રહેતા. ધર્મપત્ની લતાબેન સાથે મળીને હેરો મંડળની સત્સંગ પ્રવૃતિઓમાં ભાગ લઈ, સ્વરૂપોનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો. તેઓમાં નિષ્ઠા, સેવા ને સમર્પણ તેમજ પ્રત્યક્ષ સ્વરૂપોના વચનમાં અતૂટ શ્રદ્ધા જેવા ગુણ હતા. લંડન જ્યોતના બહેનો માટે અવારનવાર પોતે શ્રીખંડ બનાવીને પોતાનો ભાવ બહેનોને ધરતાં. આ ભક્તિના સંસ્કાર સંતાનોને પણ આપ્યા. સંપ, સુહૃદભાવ, એકતા રાખી સૌ જીવે તેવું સિંચન કર્યું. તેઓના મોટા દીકરી પૂ.દિવ્યાબેન ગુણાતીત જ્યોત લંડનમાં એક ઉત્તમ સાધક તરીકે જીવન જીવી પ્રભુનું કાર્ય કરી રહ્યાં છે. પૂ.પારુલબેન, દીપકભાઈ, પૂ.રેશ્માબેન સંજયભાઈ ને તેઓના સંતાનો સત્સંગમય જીવન જીવી રહ્યાં છે. સેવાભાવી વીરજીભાઈએ એક આદર્શ ભક્ત તરીકે જીવીને જીવન ધન્ય કરી લીધું. તેઓને અંતરથી વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ.

★ લંડન વોલથમસ્ટો મંડળના નિષ્ઠાવાન મુક્તરાજ પૂ.ઘનશ્યામભાઈ અમીન તા.૧૪.૯.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.

જ્યારથી આ સત્સંગના જોગમાં આવ્યા ત્યારથી ગુરુહરિ પપ્પાજી મહારાજ તથા પ.પૂ.બેનમાં નિર્દોષભાવ રાખી જીવ્યા. તેમને ગ્રોસરીની દુકાન હતી. તે અરસામાં પપ્પાજી ૨૦-૨૫ બહેનોને લઈ તેમની દુકાને પધરામણીએ પધાર્યા ને પપ્પાજી મહારાજ સ્વયં તેમના ટીલ ઉપર બિરાજ્યા ને બધા જ બહેનોને કહ્યું આ આપણી દુકાન છે. જેને જેટલું




જોઈએ તે લેવાની છૂટ છે. તો એમાં પણ નિર્દોષભાવ રાખી પ્રભુની લીલા માણી. એવા આ મુક્તરાજ રોજ મહાપૂજા કરતા. અને છેલ્લા થોડા સમયથી સવારથી રાત સુધી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.બેન તથા સર્વે સદ્‌ગુરુ સ્વરૂપોના ઉત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમોના દર્શન વિડિયો દ્વારા કર્યા કરતા. ભક્તિસભર હૈયે રહી ચાર-પાંચ દિવસની ટૂંકી બીમારીમાં પ્રભુ ચરણે બિરાજી ગયા એવા મુક્તરાજને અંતરના વંદન.

સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દિવ્ય બેન તેમના પરિવારને ખૂબ બળ અર્પે એ જ પ્રાર્થના.

★ સુરતના પૂ.રસિકભાઈ કચરાલાલ દરજી તા.૧૪.૯.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.

સુરત રાંદેરમંડળના વર્ષોથી પ્રભુભક્તિમાં જોડાયેલા, પ્રત્યક્ષ સ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજમાં દિવ્ય શક્તિનો અનુભવ કરી, સમગ્ર પરિવારને તે રસ્તે ચલાવનાર પૂ.રસિકભાઈ ડૉ.પ્રદીપભાઈ નાણાવટીના



ક્લીનીકમાં દર્દી તરીકે આવ્યા. ને તેઓને નમ્ર તથા ભક્તિરસમાં તરબોળ થયેલા નિહાળીને પ્રભાવિત થયા. ક્લીનીકમાં ગુરુહરિ પપ્પાજી અને પ્રત્યક્ષ સ્વરૂપોની મૂર્તિના દર્શન કરી રૂબરૂ દર્શન કરવાની તાલાવેલી લાગી. પ.પૂ.જસુબેનને પોતાની વાત જણાવી. ને ૧લી જૂનના સમૈયામાં પધાર્યા. ત્યાર પછી રસીકભાઈ, સવિતાબેન દર સમૈયામાં અને અઠવાડિક સભામાં આવતા થયા. તેઓને સત્સંગ મુખ્ય થયો. પૂ.ક્ષમાભાભી અને પૂ.પ્રદીપભાઈના પરિવાર સાથે ઓતપ્રોત થયા. પૂ.મીનાબેન દોશીનું પણ તેઓ જતન પામ્યા.

પૂ.રસિકભાઈ ભલા, એકદમ સાદા-સીધા. દરજીનો ધંધો કરી પ્રભુ સ્મરણમાં જીવન વીતાવતાં. એવા પૂ.રસિકભાઈના પરિવારને ખૂબ બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.જસુબેનના ચરણે પ્રાર્થના.

★ બોરીવલીના નિષ્ઠાવાન પૂ.શારદાબેન સોની તા.૧૭.૯.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.

પૂ.રમણીકભાઈ અને પૂ.વિમળાબેનના જોગમાં આવતા



શારદાબેનને ગુરુહરિ પપ્પાજી મહારાજની દ્રઢ નિષ્ઠા થઈ અને પ.પૂ.જ્યોતિબેનને ગુરુપદે રાખ્યા. વર્ષોથી પ.પૂ.જ્યોતિબેન અને પૂ.વિમળાબેનની આજ્ઞામાં રહી એકધારી નિષ્ઠાથી સેવા ને ભક્તિ કરી. મંડળમાં અઠવાડિક સભા, સમૈયામાં તથા વિદ્યાનગર સમૈયામાં ખૂબ ભાવથી આવતા. મંડળના મુક્તો સાથે રાંકભાવે રસબસતાથી જીવ્યાં. આમ આ જન્મે પુણ્યનું ભાથું ભરીને જન્મ સાર્થક કરી લીધો એવા શારદાબેનને અંતરથી વંદન છે. તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેનના ચરણે પ્રાર્થના.

★ સુરત મંડળના નિષ્ઠાવાન પૂ.ખીમજીભાઈ ગોપાલભાઈ રાણીપા તા.૨૪.૯.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.



પૂ.ખીમજીભાઈ શરૂઆતથી સત્સંગમાં જોડાયા. ખીમજીભાઈ અને એમના પત્ની પૂ.ગૌરીબેન પ્રથમથી જ પ.પૂ.જસુબાની દ્રષ્ટિમાં આવ્યા. બંને સુરત મંડળમાં ખૂબ ઓતપ્રોત થઈને રહ્યાં. સંત બહેનો, ભાઈઓના વિશ્વાસપાત્ર બનીને રહ્યા. સેવા કરી લેવાની ખૂબ ધગશ. સંત ભાઈઓ અને બહેનો સાથે ખૂબ આત્મીયતા અને એમને જમાડવાનો ભાવ તો માહાત્મ્યથી જમાડતા. વર્ષો સુધી આપણા દરેક સમૈયાની સેવાઓમાં ખાસ સિક્યોરીટીની સેવા ખૂબ જ જવાબદારી અને વફાદારીપૂર્વક નિભાવી છે. જરાય દેખાડો કર્યા વિના એકદમ રાંકભાવે બીજી સેવાઓમાં પણ આગળ રહ્યા છે. સંત ભાઈઓ સાથે આગવો સંબંધ. છેલ્લા કેટલાક સમયથી એમની તબિયત નરમ ગરમ રહેતી. હૉસ્પિટલમાં પણ અંત સમયે બોલતા હતા કે મારે સમૈયામાં સિક્યોરીટીની સેવા કરવી છે. આમ પ્રભુ સ્મરણ અને રટણ કરતા કરતા પ્રભુ ચરણે બિરાજી ગયા.

સમગ્ર પરિવારને જ્યોતનો સંબંધ કરાવ્યો. એમના કુટુંબીજનોને આ પરિસ્થિતિમાં ખૂબ બળ મળી રહે તેવી સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

REPORT ON HEALTHY BREAKFAST RECIPE COMPETITION

Shree Gunatit Jyot Mahila Trust organized **Nutrition Recipe Competition on the occasion of National Nutrition month this September**. We were thrilled to launch our first-ever **Nutrition Recipe Competition !** This was a golden opportunity to bring out their hidden inner chef and showcase their awareness toward health !

The theme for competition was “healthy breakfast recipe” which was typically "Healthy Breakfast Cooking" or aligned with broader annual campaigns like **"Eat Right for Good Health"**.

The first flyer was sent to different groups within the community to get Registration details.The Competition was organized from 18/09/26 to 19/09/26. The second flyer with its format was prepared both in English & Gujarati and sent to registered participants. The primary objective of this event was to raise awareness about the vital role of a nutritious breakfast in maintaining overall health and well-being. The competition focused on encouraging participants to create innovative, wholesome, and cost-effective breakfast options using locally available ingredients.

Event Highlights

A total of 51 participants registered and 39 showcased their culinary skills. Participants were given a time limit to prepare and present their dishes. The competition witnessed an enthusiastic display of creativity, featuring traditional recipes with a healthy twist, fireless cooking innovations, and nutrient-dense fusion dishes.

Evaluation Criteria

Clinical Nutritionist, Ms. Nehalben Patel of Anand evaluated the entries. The dishes were judged, based on the following parameters: Nutritional value and health benefits.

The winners were awarded certificates and prizes by **Shree Gunatit Jyot Mahila Trust**.

First Prize:

1) Ms. Chetnaben Thobhani – Sprouted Chilla with healthy mayonnaise and Apple - Banana milkshake



Second Prize:

1) Ms. Manishaben Desai – Veg protein bites and

2) Ms. Sonalben Mistry – Moong sprouts tikki with Raita





Third Prize:

1) Ms. Sangitaben Patel – Vegetable Rajma Kabab

2) Ms. Amitaben Panchal – Spinnach oats Tikki





Shree Gunatit Jyot Mahila Trust & the Center of Health and Nutrition extend heartfelt congratulations to all the winners for their creativity, presentation & hard work in creating such beautiful and nutritious recipes.

Conclusion : The Healthy Breakfast Recipe Competition successfully instilled a sense of nutritional responsibility among the participants.

It served as a practical platform to understand that healthy food can be both delicious and easy to prepare. The event concluded with a vote of thanks to **Shree Gunatit Jyot Mahila Trust**, Ms.Nehalben Patel, Clinical Nutritionist and enthusiastic participants who made the celebration of National Nutrition Month a grand success.

Report of Posture Reset Workshop

Posture Reset Workshop was conducted at Gunatit Jyot, Dahisar, Mumbai on Saturday, 26th September, 2026, from 5.30 pm to 7.00 pm. The workshop was designed to address the growing physical health challenges associated with prolonged sitting, sedentary lifestyles, and poor ergonomic habits. It was conducted by Dr. Hansa Thacker, Senior Physiotherapist. The session provided participants with actionable strategies, corrective exercises, and ergonomic education to realign their posture and alleviate musculoskeletal discomfort.

The workshop was highly successful, drawing a total of 32 participants.

Key Takeaways & Everyday Prevention Tips

★ **Consistency Wins:** Small, daily movement breaks are more effective than sporadic, heavy workouts for preventing stiffness and pain.

★ **Mindful Movement:** Better posture starts with awareness; breathing properly resets the nervous system and relaxes tight shoulders.

★ **Total Lifestyle Approach:** True physical independence after 40 requires a balance of proper movement mechanics, regular exercise and supportive nutrition.

દીપોત્સવીના કાર્યક્રમો :

ધનતેરશ : (સ્થાનિક)

તા.૬.૧૧.૨૦૨૬, શુક્રવાર

ધનપૂજનનો સમય : સવારે ૯:૩૦ થી ૧૨:૦૦

અક્ષરચૌદશ :

તા.૭.૧૧.૨૦૨૬, શનિવાર

દિવાળી :

તા.૮.૧૧.૨૦૨૬, રવિવાર

શારદાપૂજન : સાંજે ૪:૩૦ થી ૭:૦૦

નૂતનવર્ષ :

તા.૧૦.૧૧.૨૦૨૬, મંગળવાર

કારતક સુદ – ૧, સંવત ૨૦૮૩ પ્રારંભ

★ નૂતનવર્ષ અને ભાઈબીજની મિલનસભા :

સવારે ૮:૦૦ થી ૧૦:૦૦

★ અન્નકૂટ ઉત્સવ :

અન્નકૂટ, થાળ, આરતી :

સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦

લાભપાંચમ :

તા.૧૪.૧૧.૨૦૨૬, શનિવાર

શારદાપૂજન અને નૂતનવર્ષની સભાનું લાઈવ દર્શન www.gunatitjyot.org વેબસાઈટ પર થઈ શકશે.

નિર્ણય

★ અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામીજીનો પ્રાગટ્યદિન, શરદપૂર્ણિમા :
આસો સુદ –૧૫, રવિવાર, તા.૨૫.૧૦.૨૦૨૬

★ શ્રી જાગાસ્વામી જયંતી :
આસો વદ–૧/૨, મંગળવાર, તા.૨૭.૧૦.૨૦૨૬

★ એકાદશી – વાઘબારશ :
આસો વદ–૧૧/૧૨, ગુરુવાર, તા.૫.૧૧.૨૦૨૬

★ ધનતેરશ :
આસો વદ – ૧૩, શુક્રવાર, તા.૬.૧૧.૨૦૨૬

★ અક્ષરચૌદશ :
આસો વદ – ૧૪, શનિવાર, તા.૭.૧૧.૨૦૨૬

★ દિવાળી :
આસો વદ – ૧૪/૩૦, રવિવાર, તા.૮.૧૧.૨૦૨૬

★ નૂતનવર્ષ વિ.સં.૨૦૮૩ :
કારતક સુદ – ૧, મંગળવાર, તા.૧૦.૧૧.૨૦૨૬

★ ભાઈબીજ :
કારતક સુદ – ૨, બુધવાર, તા.૧૧.૧૧.૨૦૨૬

★ લાભ પાંચમ :
કારતક સુદ –૫, શનિવાર, તા.૧૪.૧૧.૨૦૨૬

★ દેવ ઉઠી એકાદશી, શાકોત્સવ :
કારતક સુદ – ૧૧, શનિવાર, તા.૨૧.૧૧.૨૦૨૬

★ સંકલ્પ સ્મૃતિદિન :
ગુરુવાર, તા.૧૯.૧૧.૨૦૨૬

તા.૨.૧૦.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના તિથિ પ્રમાણે પ્રાગટ્યદિનની સભા...



સ્વાગત વધામણાં...











પુષ્પવંદના...








સંવાદ અને નૃત્ય દ્વારા ગરિમા વંદના...






માહાત્મ્ય રસે ભીંજાતો ભક્ત સમુદાય...














શાશ્વત સંકલ્પ પર્વ

॥ સ્વામિશ્રીજી ॥ ॥ જય પપ્પાજી મહારાજ॥





હાર્દિક નિમંત્રણ

શાશ્વત સંકલ્પ પર્વે...

હે વહાલા આત્મીય સ્વજનો ! પધારો !

જય સ્વામિનારાયણ.

જેમની દિવ્ય દ્રષ્ટિના સ્પર્શે,

જેમની પ્રેમ – પ્રાર્થનાના પ્રકાશે,

જેમની ચેતના જગાડતી પરાવાણીના ઉદ્‌બોધે,

આપણે સહુ બ્રહ્માનંદના મહાસાગરમાં

નિરંતર ભીંજાયેલા જ છીએ, તેવા

ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજી મહારાજના

૧૧૦મા પ્રાગટ્યે – 'શાશ્વત સંકલ્પ પર્વે'

તેમની આધ્યાત્મિક પરાશક્તિને પામવા,

માણવા, ધારવા, ઝીલવા ને તેને આત્મસાત્ કરવા

આવો... સૌ અક્ષરમુક્તો,

ગુણાતીત સ્વરૂપોનાં સંજીવની સમ

દર્શન, આશિષ પામી નવજીવનની ધન્યતાને માણીએ.

તારીખ : ૨૯મી નવેમ્બર ૨૦૨૬, રવિવાર

★ સવારની સભા – સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ ★

પ.પૂ.હંસાદીદી, પ.પૂ.સાહેબદાદા અને સ્વરૂપોના સાંનિધ્યે ઉત્સવની ઉજવણી કરીશું.

★ સાંજની સભા – સાંજે ૫:૦૦ થી ૭:૩૦ ★

ગુણાતીત સ્વરૂપોની સંનિધિમાં બૃહદ ગુણાતીત સમાજના

સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો ભેળા મળીને ઉજવીશું.

સભા સમાપન બાદ મહાપ્રસાદ.

આ પર્વમાં સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ઉત્સવ ઉજવણી તેમજ અલ્પાહાર, મહાપ્રસાદનું સ્થાન :

પપ્પાજી તીર્થ, ગાના-મોગરી રોડ, જિ. આણંદ

વેબસાઈટ : www.gunatitjyot.org દ્વારા લાઈવ દર્શન માણી શકીશું.

નિમંત્રક : ગુણાતીત જ્યોત, પપ્પાજી માર્ગ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ

II Swami Shreeji II II Jai Pappaji Maharaj II



Cordial Invitation

Shashwat Sankalp Parva



O Dear Devotees ! Welcome !
Jai Swaminarayan !
By the touch of whose divine vision,
By the light of whose love and prayers,
By the awakening discourse of whose supreme speech,
We are all constantly drenched in the ocean of supreme bliss,
On the 110th Pragtya Din of
Guruhari Param Pujya Pappaji Maharaj
"Shashvat Sankalp Parva"
To attain, experience, sustain, receive, and assimilate
His supreme spiritual energy,
All Aksharmukto, Please come !
Let us indulge and experience the sacredness of a new life by
receiving the divine darshan and blessings of Gunatit Swarupo.

Date: 29th November 2026, Sunday

★ Morning Sabha – 9:00 am to 12:30 pm ★

In the presence of Param Pujya Hansadidi, Param Pujya Sahebdada and Swarupo, we will celebrate this auspicious event.

★ Evening Sabha – 5:00 pm to 7:30 pm ★

In the presence of the Gunatit Swarupo and the whole Gunatit Samaj including the Santo, Beno, Bhaio and Grahastho will come together at this auspicious event.

It is our heartfelt invitation for you to attend these celebrations with family and friends.

Venue:

Breakfast and Mahaprasad will be served at Pappaji Tirth Dham,
Gana-Mogri Road, Dist. Anand

Live streaming will be at the Website address : www.gunatitjyot.org

Invitee : Gunatit Jyot, Pappaji Marg, Vallabh Vidyanagar, 388120
Dist. Anand, Gujarat, India.









પ્રેરણા પીયૂષ પર્વ

॥ સ્વામિશ્રીજી ॥ ॥ જય પપ્પાજી મહારાજ ॥

હાર્દિક નિમંત્રણ



પ્રેરણા પીયૂષ પર્વે...



હે વહાલા અક્ષરમુક્તો ! પધારો !

જય સ્વામિનારાયણ.

જેમના રોમેરોમમાં પ્રતિપળ પ્રત્યક્ષની પ્રાપ્તિનો
પોરહાટ પ્રસરી રહ્યો છે...
જેઓ 'હું છું પપ્પાજીનું કાર્ય' તે વેદવાણી સમ
આતમ સંદેશનું પાન કરાવી,
સંકલ્પ - ભજનથી ચૈતન્યોનું જતન કરી રહ્યાં છે તેવાં

આપણા સૌના વહાલાં પરમ પૂજ્ય હંસાદીદીના

૯૦મા પુનિત પ્રાગટ્યે - 'પ્રેરણા પીયૂષ પર્વે'

પધારો ! તેઓની સાકાર સાક્ષાત્ ઉપસ્થિતિમાં...
આપણે સૌ પરમની પ્રેરણા ઝીલી,
આપણી ચેતનાને ભક્તિ - નિષ્ઠારૂપી પીયૂષનું પાન કરાવીએ.

તારીખ : ૩૦મી નવેમ્બર ૨૦૨૬, સોમવાર
સવારે ૯:૦૦ થી ૧૨:૩૦

પ.પૂ.હંસાદીદી, પ.પૂ.સાહેબદાદા અને સ્વરૂપોના સાંનિધ્યે
ઉત્સવની ઉજવણી કરીશું.

ઉત્સવ સમાપન બાદ મહાપ્રસાદ.


આ પર્વમાં સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ઉત્સવ ઉજવણી તેમજ અલ્પાહાર, મહાપ્રસાદનું સ્થાન :
પપ્પાજી તીર્થ, ગાના-મોગરી રોડ, જિ. આણંદ

વેબસાઈટ : www.gunatitjyot.org દ્વારા લાઈવ દર્શન માણી શકીશું.


નિમંત્રક : ગુણાતીત જ્યોત, પપ્પાજી માર્ગ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ

II Swami Shreeji II II Jai Pappaji Maharaj II



Cordial Invitation

Prerana Piyush Parva



O beloved Aksharmukto ! Welcome !
Jai Swaminarayan !

In whose whole being by thought, words and deeds,
the joy of attaining the manifest
(God) spreads at every moment...
Who imparts the soul's message akin to the Vedavaani,
that 'I am Pappaji's work',
And who is nurturing souls through resolve and devotion,
On the 90th Pragatyadin of Param Pujya Hansadidi
"Prerana Piyush Parva"
Please come ! In her manifest, physical presence...
Let us all receive divine inspiration,
And make our consciousness enjoy the nectar of
devotion and steadfast faith.

Date: 30th November 2026, Monday
9:00 am to 12:30 pm

In the presence of Param Pujya Hansadidi,
Param Pujya Sahebdada and Swarupo,
we will celebrate this auspicious event.

It is our heartfelt invitation for you to attend these celebrations
with family and friends.

Venue:

Breakfast and Mahaprasad will be served at Pappaji Tirth Dham,
Gana-Mogri Road, Dist. Anand

Live streaming will be at the
Website address : www.gunatitjyot.org

Invitee : Gunatit Jyot, Pappaji Marg, Vallabh Vidyanagar, 388120
Dist. Anand, Gujarat, India.





તા.૧૧.૧૦.૨૦૨૬ : પ.પૂ.પદુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...


































To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120








Posture Reset Workshop - Mumbai





Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India